સુવિચાર
કાર્ય સચ્ચાઈ અને સમર્પણથી કરવામાં આવે તો ચોક્કસ સફળતા મળે છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



રાજકોટમાં એસ્ટ્રોનના નાલા પાસે ૧૦ થડા આગમાં ખાખ P-4

Year-16, Issue-242 ■ DATE : 27-01-2026 TUESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ભારત અને યુરોપીયન યુનિયન વચ્ચે ઐતિહાસીક મુકત વ્યાપાર કરાર

**૨૦ વર્ષથી ચાલતી વાટાઘાટો બાદ દિલ્હીમાં સંયુક્ત જાહેરાતઃ એક વર્ષમાં કરાર અમલી બનશેઃ દેશના રોજગારલક્ષી ઉદ્યોગો માટે ૪૫ કરોડ લોકોનું બજાર વધુ ખુલશેઃ વિશ્વભરમાં તેની ચર્ચા મધર ઓફ ડીલ તરીકે થઇ રહી છે**





**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

અમેરિકાના ઉંચા ટેરિફ દુર થવાની અનિશ્ચિતતા વચ્ચે આજે ભારત અને યુરોપીયન સંઘ વચ્ચે ઐતિહાસિક મુક્ત વ્યાપાર કરાર પર થયો છે અને તેનાથી ભારતીય નિકાસ માટે હવે યુરોપીયન દેશોના દરવાજા વધુ ખુલ્લા મુકાશે.

આ વ્યાપાર કરારની આજે જાહેરાત બાદ આગામી વર્ષે તે અમલી બનશે. લગભગ ૨૦ વર્ષના લાંબી ચર્ચા વિચારણા અને વાટાઘાટો બાદ આજે આ ઐતિહાસિક કરાર પણ નિર્ણય લેવાયો હતો. પ્રજાસતાક દિને રાષ્ટ્રીય પરેડના મહેમાન બનેલા યુરોપીયન સંઘના વડા ઉર્સલા વોન ડેર લેપન તથા યુરોપીયન સંઘના અન્ય અતિથિની હાજરીમાં આ કરાર પર જાહેરાત થશે.

વિશ્વના સૌથી વિકસીત દેશોના સમૂહ તરીકે ૨૭ દેશોના આ સંગઠન જેમાં ફ્રાન્સ, ઈટલી, જર્મની, ડેનમાર્ક જેવા દેશો પણ સામેલ છે તેથી કુલ ૪૫ ક્રોડની વસતિનું મોટું અને વિકસીત બજાર ભારતીય અર્થતંત્રને ફળશે તો ૧૪૦ કરોડની વસતિ ધરાવતા ભારતનું એક વિકસતુ જતુ બજાર યુરોપીયન કંપનીઓને મળશે.

ખાસ કરીને યુરોપનું વિશાળ નાણાકીય બજાર, એન્જીનીયરીંગ ક્ષેત્રનો લાભ ભારતના ઉદ્યોગને મળશે તો અમેરિકાના ઉંચા ટેરિફથી ભારતના ટેક્ષટાઈલ, દવા, આઈટી સહિતના ક્ષેત્રોને જે આંચકો લાગ્યો છે તેની ભરપાઈ યુરોપીયન બજારોથી થશે. ભારતે હાલમાંજ જે રીતે બ્રિટન સાથે મુક્ત વ્યાપાર કરાર કર્યા છે તેનાથી હવે પુરુ યુરોપ એ ભારત માટે મહત્વપૂર્ણ વ્યાપારી સ્થાન બનશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રજાસતાક દિન પરેડમાં યુરોપીયન સંઘના વડા ઉસેલા વોન-દાર લેપન અને યુરોપીયન કાઉન્સીલના પ્રેસીડેન્ટ એન્ટાનિયો કોસ્ટાને આમંત્રીત કરીને માસ્ટર સ્ટ્રોક માર્યો હતો. આ ઉપરાંત યુરોપની આધુનિક સંરક્ષણ ઉત્પાદન પ્રણાલીનો લાભ પણ ભારતને થશે. ભારતની મુલાકાતે આવેલા યુરોપીયન સંઘના વડાએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે મજબૂત ભારત એ વૈશ્વિક સ્થિરતા માટે મહત્વનું પુરવાર થશે.

ભારત અને યુરોપીયન સંઘ વચ્ચે આજે વ્યાપાર કરારની જાહેરાતથી અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને જબરો આંચકો લાગ્યો છે અને બન્ને દેશોના મુક્ત વ્યાપાર કરાર પર યુરોપને ડરાવવાની કોશીશ કરતા ટ્રમ્પ શાસનના નાણામંત્રી સ્કોટ બેસેન્ટે કહ્યું હતું કે યુરોપ તેની જ સામેના યુદ્ધમાં ભંડોળ પુરુ પાડવા જેવું કરી રહી છે. અમોએ જે રીતે રશિયાથી યુરોપને બચાવવા માટે ભારત પર ૨૫% ટેરિફ નાખ્યા છે અને તે જ યુરોપ હવે ભારત સાથે વ્યાપાર કરી રહ્યું છે. હજુ હાલમાં જ અમેરિકી મંત્રીએ સ્વીકાર્યુ હતું કે ભારતે રશિયા પાસેથી ક્રુડતેલ ખરીદી ખૂબજ ઘટાડી દીધી છે તેથી તેના પરના ૨૫% ટેરિફ રદ કરવા પ્રમુખ ટ્રમ્પ નિર્ણય લેશે. તે વચ્ચે આજના વિધાનો સૂચક છે.

મંગળવારે એક કાર્યક્રમને સંબોધતા, પીએમ મોદીએ જાહેરાત કરી કે ભારત અને EU વચ્ચે FTA પર સહમતિ થઈ છે. વિશ્વભરમાં તેની ચર્ચા ‘‘મધર ઓફ ડીલ‘‘ તરીકે થઈ રહી છે. ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચે થનારા ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટથી અમેરિકા નારાજ થઈ ગયું છે.

## Petrol & Diesel Rate

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૪.૨૭/લીટર |
| ડીઝલ | રૂ. ૮૯.૯૩/લીટર |
| CNG | રૂ. ૭૭.૦૦/કિલો |




| | સોનુ | ચાંદી |
|---|---|---|
| | ₹૧,૬૨,૦૦૦ | ₹૩,૬૦,૦૦૦ |
| | ૦ | ૦ |
| Today Rate | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૯૧.૭૮ | ₹૧૨૫.૫૧ |

# પ્રજાસત્તાક દિન પર્વની પરેડમાં વિશ્વએ જોઇ ભારતની તાકાત

**કર્તવ્ય પથ પર ભારતનું ભવ્ય લશ્કરી પ્રદર્શનઃ રાષ્ટ્રપતિએ પરેડની સલામી લીધીઃ યુરોપીયન પરિષદના અધ્યક્ષ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા**







**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સોમવારે રાષ્ટ્રએ ભારતના લશ્કરી પરાક્રમ, સાંસ્કૃતિક સમૃદ્ધિ અને તકનીકી સ્વનિર્ભરતાના ભવ્ય પ્રદર્શન સાથે તેનો ૭૭મો પ્રજાસત્તાક દિવસ ઉજવ્યો. ફરજની ભાવના સાથે યોજાયેલી પ્રજાસત્તાક દિવસની પરેડમાં વિશ્વ સમક્ષ ભારતની શક્તિઓનું પ્રદર્શન કરવામાં આવ્યું.

પરેડનો એકંદર થીમ વંદે માતરમના ૧૫૦ વર્ષ હતો, પરંતુ મુખ્ય આકર્ષણ ઓપરેશન સિંદૂર હતું. પરેડમાં શષા પ્રણાલીઓ, લશ્કરી રચનાઓ અને ઓપરેશનમાં ઉપયોગમાં લેવાતી વ્યૂહાત્મક ક્ષમતાઓનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. પરેડમાં પ્રથમ વખત લોંગ રેન્જ એન્ટી-શીપ મિસાઈલ ગ્લાઈડ મિસાઈલનું પણ પ્રદર્શન કરવામાં આવ્યું હતું, જે ૧,૫૦૦ કિલોમીટર સુધીની રેન્જ ધરાવે છે.

આ ઉપરાંત, આકાશ મિસાઈલ સિસ્ટમ, નાગ મિસાઈલ સિસ્ટમ (ટ્રેકડ) એમકે-૨, એડવાન્સ્ડ ટોવ્ડ આર્ટિલરી ગન સિસ્ટમ, ધનુષ ગન સિસ્ટમ, રોબોટિક ડોગ્સ અને માનવરહિત ગ્રાઉન્ડ વાહનો, અન્ય લશ્કરી પરાક્રમો પણ પ્રદર્શિત કરવામાં આવ્યા હતા.

સોમવારે, દેશના ૭૭મા પ્રજાસત્તાક દિવસ નિમિત્તે, વાયુસેનાના ફાઈટર વિમાનોએ ફલાયપાસ્ટ દરમિયાન સિંદૂર ફોર્મેશનો માં ઉડાન ભરીને પોતાની શક્તિનું પ્રદર્શન કર્યું. હવાઈ પ્રદર્શનની તેની ભવ્ય પરંપરાને ચાલુ રાખીને અને ઓપરેશન સિદૂર જેવા ઓપરેશનમાં દુશ્મન પર ઊંડા અને સચોટ પ્રહાર કરવાની ક્ષમતા દર્શાવતા, વાયુસેનાએ પ્રભાવશાળી પ્રદર્શન કર્યું. સિદૂર ફોર્મેશનમાં સાત વિમાનોનો સમાવેશ થતો હતોઃ બે રાફેલ, બે સુખોઈ-૩૦, બે મિગ-૨૯ અને એક જગુઆર.

ફલાયપાસ્ટમાં કુલ ૨૯ વિમાનોએ ભાગ લીધો હતો, જેમાં ૧૬ ફાઈટર એરક્રાફ્ટ, ચાર હેલિકોપ્ટર અને નવ ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટનો સમાવેશ થાય છે. આ ભારતીય વાયુસેનાની વ્યાપક ઓપરેશનલ પહોંચ, વૈવિધ્યતા અને અદ્યતન ટેકનોલોજીકલ શ્રેષ્ઠતા દર્શાવે છે.

## તાજમહેલ પર હિન્દુ મહાસભાએ ફરકાવ્યો ત્રિરંગો, રાષ્ટ્રગીત ગાયું

અખિલ ભારત હિન્દુ મહાસભાના અધિકારીઓએ પ્રજાસત્તાક દિવસે આગ્રામાં તાજમહેલના મુખ્ય મકબરા પર ત્રિરંગો ફરકાવ્યો હતો. શહેર મહાસચિવ નંદુકુમાર અને વિભાગીય મહાસચિવ નિતેશ ભારદ્વાજે પણ રાષ્ટ્રગીત ગાયું હતું. આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો, જેના કારણે વહીવટીતંત્રમાં ખળભળાટ મચી ગયો હતો. ધ્વજ ફરકાવનારાઓનું કહેવું છે કે તેમણે મદરેસાઓ અને મસ્જિદોમાં ધ્વજ ફરકાવવાનું ફરજિયાત બનાવવાના મુખ્યમંત્રીના આહ્વાનના જવાબમાં આ કૃત્ય કર્યું હતું. ૧૬૩૨માં બાંધકામ શરૂ થયા પછી ૨૦૨૬માં પહેલી વાર ત્યાં રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો હોવાનો દાવો કરવામાં આવે છે. એ નોંધવું જોઈએ કે તાજમહેલ સંકુલમાં ત્રિરંગો ફરકાવવામાં આવ્યો હતો અને રાષ્ટ્રગીત ગવાતું હતું તેવો વીડિયો સોશિયલ મીડિયા પર આવતાની સાથે જ વાયરલ થઈ ગયો હતો. હિન્દુ મહાસભાએ અગાઉ આવું કરવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો હતો. વીડિયોમાં સંગઠનના નેતાઓ રાષ્ટ્રીય ગૌરવ સાથે ધ્વજ ફરકાવતા જોવા મળે છે.

# સ્થાનિક બજારમાં સોના-ચાંદીના ભાવ રેકોર્ડ સ્તરે પહોંચ્યા

**ચાંદી રૂા.૩૬૦૮૦૦: સોનું નવી ઉંચાઈએ**



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

મજબૂત વૈશ્વિક સંકેતો અને સલામત સંપત્તિની સતત માંગને કારણે સ્થાનિક બજારમાં સોના અને ચાંદીના ભાવ રેકોર્ડ ઊંચા સ્તરે પહોંચ્યા. સ્થાનિક બજારમાં સોનામાં આજે રૂા. ૨૦૦૦ અને ચાંદીમાં રૂા. ૯૩૦૦ નો વધારો થયો છે. આ સાથે સોનું રૂા. ૧૬૪૫૦૦ અને ચાંદી રૂા.૩૬૦૮૦૦ એ પહોંચ્યું છે.

આજે પણ ઊંચા ભાવે સોનું સૈફ હેવન તરીકે ગણવામાં આવી રહ્યું છે. સાથે ટ્રમ્પ નીતિ ના કારણે ભાવ વધી રહ્યા છે. શનિવારે પણ સોનામાં રૂા.૩૮૦૦ અને ચાંદીમાં રૂા. ૩૧૫૦૦ વધ્યા હતા. અને આજે ખીલતી બજારે ભાવો વધ્યા છે.

સોના ચાંદીના ભાવ રોજ નવા રેકોર્ડ સ્તરે પહોંચ્યા છે. આજે રજા બાદ બજાર ખુલતા ભાવમાં મોટો વધારો થયો છે. આ વર્ષે અત્યાર સુધી સોના કરતાં ચાંદી ઝડપથી વધી રહી છે. વાયદા બજારમાં અને મુખ્ય ભારતીય શહેરોમાં ભાવ હવે તેમના ઉચ્ચતમ સ્તરે છે, જેના કારણે રોકાણકારો અને ખરીદદારો દૈનિક દરમાં થતા ફેરફારો પર નજીકથી નજર રાખી રહ્યા છે.

ભારતીય બુલિયન બજારમાં સોના ચાંદીના ભાવમાં ધરખમ વધારો થયો છે. સોનાના વાયદા ૧.૭% થી વધુ ના ઉછાળા સાથે રૂા.૧૫૯,૮૨૦ પ્રતિ ૧૦ ગ્રામના રેકોર્ડ ઊંચા સ્તરે પહોંચ્યા. ચાંદીના ભાવ પણ વધારો જોવા મળ્યો, લગભગ ૬% વધીને રૂા.૩૫૪,૭૮૦ પ્રતિ ૧ કિલોના રેકોર્ડ ઊંચા સ્તરે પહોંચ્યા છે.

નવીનતમ બુલિયન દરો અનુસાર, સોનું રૂા.૨,૩૩૦ અથવા ૧.૪૯% વધીને ૧૦ ગ્રામના લગભગ રૂા.૧૫૯,૦૭૦ પર ટ્રેડ થઈ રહ્યું છે. ચાંદી પ્રતિ કિલોગ્રામ રૂા.૨૦,૨૩૦ અથવા ૬.૦૩% વધીને રૂા.૩૫૫,૭૪૦ ની આસપાસ ટ્રેડ થઈ રહી છે.

આ વર્ષે અત્યાર સુધીમાં ચાંદીમાં ૫૦% થી વધુનો વધારો થયો છે, જે સોના કરતાં ઘણી મજબૂત ગતિ દર્શાવે છે. વૈશ્વિક બજારમાં સોનાના ભાવ સ્થિર રહ્યા છે. હાજર સોનાના ભાવ અગાઉના સત્રમાં ૫,૧૧૦.૫૦ ની રેકોર્ડ ઊંચી સપાટીને સ્પર્શ્યા પછી લગભગ ૧.૧% વધીને ૫,૦૬૮ પ્રતિ ઔંસ થયા હતા.વૈશ્વિક બજારોમાં પણ ચાંદીના ભાવ સર્વકાલીન ઉચ્ચતમ સ્તરની નજીક રહ્યા છે, જે ભારતીય વાયદાના ભાવમાં વધારાને ટેકો આપે છે.

# નલીયાને બાદ કરતા રાજયમાં તાપમાનનો પારો ઉંચકાયો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

માત્ર નલિયાને બાદ કરતા આજે સર્વત્ર ઠંડી સામાન્ય થઈ જવા પામી હતી, ૯.૪ ડીગ્રી સાથે નલીયા સૌથી વધુ ઠંડુ રહેવા પામ્યું હતું. જયારે રાજકોટમાં ૧૧.૪, પોરબંદરમાં ૧૨, વેરાવળમાં ૧૭.૮, ઓખામાં ૧૬.૫, અમદાવાદમાં ૧૭.૨, અમરેલીમાં ૧૨, વડોદરામાં ૧૯ તથા ભાવનગરમાં ૧૮, ભુજમાં ૧૧, દમણમાં ૧૭.૨, ડિસામાં ૧૪.૬, દિવમાં ૧૫.૧, દ્વારકામાં ૧૪.૨, ગાંધીનગરમાં ૧૫.૮, કંડલામાં ૧૨.૭ તથા સુરત ખાતે ૧૮ ડીગ્રી લઘુતમ તાપમાન નોંધાવા પામ્યું હતું.

તેમજ આજે સવારે જુનાગઢ કૃષિ યુનિ. ખાતે નોંધાયેલા તાપમાન મુજબ વાતાવરણમાં ફરી ભેજ ૩૪ માંથી વધીને ૭૯ ટકા થઈ જવા પામ્યો છે. મેકસીમમ તાપમાન ૧૬ ડીગ્રીએ પારો ઉંચે નોંધાયો હતો. જયારે નીચે ઉતરીને ૧૩.૧ ડીગ્રીએ પહોંચ્યો હતો. ગીરનાર પર્વત ઉપર ૮ ડીગ્રીએ પારો નીચે નોંધાયો હતો. પવનની ગતી પ્રતિકલાક ૩.૪ કિલોમીટરની રહેવા પામી હતી.

# દર શનિવારે રજાની માગને લઈ દેશના ૮ લાખ બેંક કર્મીઓની હડતાલ

**રાજકોટના ૧૫૦૦ સહિત ગુજરાતના ૧૫૦૦૦ કર્મીઓ જોડાયા**




તસ્વીર : ગૌરવ લશ્કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

દેશભરની જાહેરક્ષેત્ર તેમજ ખાનગી બેંકોના કર્મચારીઓના ૯ યુનિયનોના બનેલા યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન દ્વારા બેંકોમાં પાંચ દિવસના સપ્તાહના અમલીકરણની માંગણીના ટેકામાં તા. ૨૭ જાન્યુઆરીને મંગળવારના રોજ દેશવ્યાપી બેંક હડતાલ કરી છે. જેમાં વિવિધ બેંકોના ૮ લાખ જેટલા કર્મચારીઓ અને અધિકારીઓ જોડાયા છે. રાજકોટના ૧૫૦૦, સૌરાષ્ટ્ર-કચ્છના ૫૫૦૦ સહિત ગુજરાતભરના ૧૫૦૦૦ જેટલા કર્મચારીઓ જોડાયા છે. બેંક હડતાલને કારણે ગ્રાહકોને પડનાર સભવિંત મુશ્કેલી અંગે યુનિયન દ્વારા દિલગીરી વ્યક્ત કરવામાં આવી હતી.

રાજકોટ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ઓફિસર્સ એસોસિએશનના ડેપ્યુટી જનરલ સેક્રેટરીએ જણાવ્યું હતું કે, અઠવાડિયાના ૫ દિવસની ફરજની અમારી ડિમાન્ડ ૨૦૧૫થી ચાલુ છે. ૨૦૧૫માં ૨ શનિવારની રજા આપવામાં આવી હતી. બાકીના ૨ શનિવાર માટે પણ થઈ ગયા હતા આમ છતાં પણ અમારી માગણી સંતોષવામાં આવી નથી.

અગાઉ આઈબીએ સાથે થયેલી સમજુતીઓ અને કરાર હેઠળ બેંકોમાં ૫ દિવસનું સપ્તાહ શરૂ કરવા અને મહિનાના તમામ શનિવારે જાહેર રજા રાખવાનું નક્કી થયું હતું. જેના બદલામાં બેંક કર્મચારીઓ સોમવારથી શુક્રવાર સુધી પ્રત્યેક દિવસ ૪૦ મિનિટ વધુ કામ કરશે તેવી પણ સહમતિ સાધવામાં આવી હતી. આ અંગે સરકારની સહમતીની રાહ જોવાય છે, પરંતુ સરકારે આ બાબતના અમલીકરણ માટે હજુ સુધી કોઈ જાહેરાત ન કરતા સરકારનું ધ્યાન ખેંચવા માટે બેંક કર્મચારીઓને હડતાલનું એલાન આપવાની ફરજ પડી છે.

તેમણે વધુમાં જણાવ્યું હતુ કે, અઠવાડિયામાં ૫ દિવસના કામકાજથી કર્મચારીઓ પર કામનું ભારણ ઘટશે અને તેઓની કાર્યક્ષમતામાં વધારો થશે. કેન્દ્ર સરકાર અને કેટલીક રાજય સરકારો, એલઆઈસી, રિઝર્વ બેન્ક, શેર બજાર, ફોરેક્સ માર્કેટમાં હાલ ૫ દિવસનું સપ્તાહ અમલી છે. માત્ર બેંક કર્મચારીઓને જ બાકાત રાખવામાં આવ્યા છે. દર શનિ-રવિ બેંકોમાં રજા રાખવાથી ગ્રાહક સેવાને કોઈ અસર પડશે નહિ. કારણકે આજે નાણાકીય વ્યવહાર માટેના અનેક વિકલ્પો છે.

# પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં રાહુલ ગાંધીને ત્રીજી લાઈનમાં બેસાડતા કોંગ્રેસનો આક્રોશ



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

પ્રજાસતાક દિન પર્વની પરેડમાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી સાથે પૂર્વગ્રહ યુકત વ્યવહાર થયાનું બહાર આવ્યું છે. તેમને જાણી જોઈને નીચે દેખાડવાનો સરકારે પ્રયાસ કર્યાનો કોંગ્રેસના નેતાએ આક્ષેપ કર્યો છે. રાહુલ ગાંધીને ત્રીજી લાઈનમાં બેસાડવામાં આવ્યા હતા, જયારે તેમની આગળની લાઈનની બેઠકમાં સામાન્ય લોકો બેઠા હતા.

કોંગ્રેસ નેતા રણદીપ સૂરજેવાલએ સોશિયલ મીડિયામાં લખ્યું હતું-શું દેશના વિપક્ષ નેતા સાથે આવો વ્યવહાર કોઈ મર્યાદા, પરંપરા અને પ્રોટોકોમાં ખરો ઉતરે છે? આ માત્ર હિન ભાવનાથી ગ્રસ્ત સરકારની સંકુચિતતા દેખાડે છે. લોકશાહીમાં મતભેદ રહેવાના પણ રાહુલ ગાંધી સાથે કરવામાં આવતો વ્યવહાર અસ્વીકાર્ય છે. કોંગ્રેસના નેતા અને સાંસદ મણિકમ ટાગોરે કહ્યું હતું-રાહુલ ગાંધી અને કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાજૂન ખડગેને ત્રીજા લાઈનમાં જગ્યા આપવી તે સરકારની ખાસ કરીને વડાપ્રધાન મોદી અને અમિત શાહની સોચ દેખાડે છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# ટંકારા ખાતે ૭૭મા જીલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉત્સાહભેર ઉજવણી






## વહીવટમાં પારદર્શિતા માટે ગામડાઓમાં આકસ્મિક તપાસ અને જનસુખાકારીના કામો પર કલેક્ટરે ભાર મૂક્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી વિશ્વ વિભૂતિ મહર્ષિ દયાનંદ સરસ્વતીની પવિત્ર તપોભૂમિ ટંકારા ખાતે ૭૭મા જીલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આકાશે દેશભક્તિના રંગો સાથે ગૌરવશાળી તિરંગો લહેરાયો હતો

આ પ્રસંગે મોરબી જીલ્લા કલેક્ટર કે.બી. ઝવેરીએ ગરિમામયી તિરંગો લહેરાવી સલામી ઝીલ્યા બાદ પ્રાસંગિક સંબોધનમાં જણાવ્યું હતું કે, અનેક લડવૈયાઓના બલિદાન થકી પ્રાપ્ત સ્વતંત્રતા અને બંધારણની ગરિમા જાળવવી એ આપણા સૌની પવિત્ર ફરજ છે. તેમણે ટંકારાના તેજસ્વી સંતાન મહર્ષિ દયાનંદજી સહિતના મહાપુરુષોને યાદ કરી, રાષ્ટ્રની એકતા માટે જવાનોની શહાદતને નમન કરતા વિરાસતના જતન માટે સૌ નાગરિકોને ભાવપૂર્ણ અપીલ કરી હતી. મોરબીની વિકાસ ગાથા વર્ણવતા કલેક્ટરે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના વરદ હસ્તે તાજેતરમાં જ મળેલી રૂ.૧૦૪૨ કરોડથી વધુના વિકાસ કામોની ભેટ જીલ્લાની પ્રગતિને બમણો વેગ આપશે અને જીલ્લામાં કાર્યરત માળખાગત પ્રકલ્પોના કામ મોરબીને ગ્લોબલ મેપ પર મજબૂત સ્થાન અપાવશે.

માળખાગત સુવિધાઓના આયોજન, આરોગ્ય, શિક્ષણ, કૃષિ, વનીકરણ અને પર્યાવરણ સંરક્ષણ, સહકાર, ગ્રામ્ય અને શહેરી વિકાસ, ઔદ્યોગિક ઉન્નતિ, રોજગાર, સમાજ કલ્યાણ, પોષણ, પીવાના પાણીનું સુઆયોજિત માળખું અને 'નલ સે જલ', સહિતના ક્ષેત્રે વહીવટી તંત્રની સિદ્ધિઓ અને પ્રશંસનીય કામગીરી અંગે વાત કરી કલેક્ટરએ વિવિધ વિભાગની દ્વારા યોજનાઓનો લાભ લેવા નાગરિકોને અનુરોધ કર્યો હતો અને રોડ સેફ્ટી અને ઔદ્યોગિક સલામતી પર પણ ભાર મૂક્યો હતો. વર્ષ ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત'ના નિર્માણમાં મોરબી ગ્રોથ એન્જિન' સાબિત થશે તેવો દ્રઢ વિશ્વાસ વ્યક્ત કરી તેમણે સૌ નાગરિકોને ઉજ્જવળ ભવિષ્યની મંગલ કામનાઓ પાઠવી હતી. વહીવટી તંત્રની લોક-અભિમુખ કામગીરીનો ચિતાર આપતા તેમણે જણાવ્યું હતું કે, વહીવટી તંત્રના અધિકારીઓની ગામડાઓમાં આકસ્મિક તપાસ દ્વારા આરોગ્ય, શિક્ષણ અને પોષણ જેવી સેવાઓનું સઘન મોનિટરિંગ કરવામાં આવે છે. સ્થાનિક સ્વરાજની સંસ્થાઓના પદાધિકારીઓને પણ ગામડાઓમાં આરોગ્ય કેન્દ્ર, આંગણવાડી અને શાળાઓ સહિતમાં વિવિધ સેવાઓની ગુણવત્તા બાબતે સક્રિય બનવા તેમણે અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે ટંકારા તાલુકાના વિકાસ માટે મહાનુભાવોના હસ્તે ૨૫ લાખનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.

આ સમારોહમાં પોલીસ જવાનો દ્વારા શિસ્તબદ્ધ પરેડ, માર્ચ પાસ્ટ અને આકર્ષક ડોગ-શો રજૂ કરવામાં આવ્યો હતો. ગુજરાતની અસ્મિતાને પ્રદર્શિત કરતા સાંસ્કૃતિક કાર્યક્રમો જેવા કે, ઓપરેશન સિંદૂર, ભારત કી શેરનીયાં, સંવિધાન સે સ્વાભિમાન તક, યોગ, અખંડ ભારત અને ગરબો તથા ભારતના વીર જવાનોની થીમ આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમોની પ્રસ્તુતિએ ઉપસ્થિત મેદનીને મંત્રમુગ્ધ કરી દીધા હતા. પોલીસ, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી, વન વિભાગ આરોગ્ય, શિક્ષણ અને ખેતીવાડી વિભાગના ટેબલો દ્વારા સરકારની વિવિધ યોજનાઓનું વિશેષ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વિવિધ ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર પ્રતિભાઓ અને કર્મનિષ્ઠ અધિકારી-કર્મચારીઓનું કલેક્ટરના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું તથા મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરાયું હતું.

આ કાર્યક્રમમાં ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયા, ટંકારા તાલુકા પંચાયતના પ્રમુખ ઉર્મિલાબેન માંડલિયા, જીલ્લા વિકાસ અધિકારી એન.એસ. ગઢવી, નિવાસી અધિક કલેક્ટર એસ.જે. ખાચર, પોલીસ અધિક્ષક મુકેશ પટેલ, નાયબ વન સંરક્ષક સુનિલ બેરવાલ, મોરબી પ્રાંત અધિકારી પ્રવીણસિંહ જેતાવત સહિત જીલ્લા વહીવટી તંત્રના અધિકારી/કર્મચારીઓ, સ્થાનિક પદાધિકારી, અગ્રણીઓ તથા ટંકારા નગરજનો અને દેશપ્રેમી જીલ્લા વાસીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબી સો ઓરડીમાં પ્રૌઢ દંપતીને માર મારતા ચાર મહિલા સહિત પાંચ સામે ફરિયાદ દાખલ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના સામાકાંઠા વિસ્તારમાં આવેલ સો ઓરડીમાં રહેતા પ્રૌઢ દંપતીને ત્યાંના જ લતામાં રહેતા એક જ પરિવારની ચાર મહિલા સહિત પાંચ શખ્સોએ ધારીયા તથા બેફામ મૂંઢ માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. હુમલામાં ગગાયલ પ્રૌઢ પતિ-પત્નીને સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. હાલ સમગ્ર બનાવ અંગે બી ડિવિઝન પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, મોરબી-૨ સો ઓરડી વિસ્તારમાં રહેતા પ્રભાબેન રમેશભાઈ ચતુરભાઈ સિચણાદા ઉવ.૫૫ એ આરોપી વિવેક કિશોરભાઈ ધોળકીયા, વિવેકભાઈની માતા ગુલાબબેન, વિવેકભાઇ ભાઈની પત્ની, વિવેકભાઇ ભાભુ તથા વિકકીના પત્ની સહિત પાંચ જેટલા આરોપીઓ વિરુદ્ધ બી ડિવિઝન પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવી કે, અગાઉ આરોપી વિવેકને ફરિયાદીની પુત્રવધુ સાથે પ્રેમ સંબંધ હોય જેનું મનદુઃખ અને ખાર રાખી આરોપી વિવેક ફરિયાદીના ઘર પાસે જોર જોરથી ગાળો બોલતો હોય, જેથી ફરિયાદી પ્રભાબેને ગાળો આપવાની ના પાડતા ઉપરોક્ત ચારેય આરોપી મહિલા ફરિયાદી પ્રભાબેનના ઘરમાં ઘુસી, તેમને બેફામ ઢીકા પાટુનો માર મારવા લાગ્યા હતા, આ દરમિયાન આરોપી વિવેકે ફરિયાદિના પતિ રમેશભાઈને વાસામાં ધારીયાનો ઉંધો ઘા મારી મૂંઢ ઈજાઓ પહોંચાડી હતી. ત્યારે હાલ બી ડિવિઝન પોલીસે તમામ આરોપી સામે બીએનએસ કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી તાલુકા વિસ્તારમાં ડીઝલ ચોરીને અંજામ આપતી 'સમા ગેંગ' મુદ્દામાલ સાથે ઝડપાઈ

## સમા ગેંગના મુખ્ય આરોપી સહિત બે સાગરીતોની ધરપકડ, એક ફરાર



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકામાં અલગ-અલગ વિસ્તારોમાં ડીઝલ ચોરીના ગુનાઓ આચરતી ''સમા ગેંગ'' ને મોરબી તાલુકા પોલીસ મથકની સર્વેલન્સ ટીમ દ્વારા ઝડપી લેવામાં આવી છે, આ સાથે પોલીસે આરોપીઓ પાસેથી ૯૭૦ લીટર ડીઝલ કબ્જે કર્યું હતું. વધુમાં સમા ગેંગનો પકડાયેલ આરોપી અયુબ મલુક સમા ઉપર અગાઉ ૧૩ જેટલા ગુનાઓમાં પોલીસ ચોપડે નામ નોંધાવી ચુક્યો છે.

મોરબી તાલુકા પોલીસ મથકમાં તાજેતરમાં નોંધાયેલ બે ડીઝલ ચોરીના કેસના આરોપીઓને ઝડપી લેવા તાલુકા પોલીસ મથક પીઆઇ દ્વારા સર્વેલન્સ ટીમની અલગ-અલગ ટીમો બનાવીને આરોપીઓને શોધી કાઢવા સુચના તેમજ માર્ગદર્શન આપેલ હોય જે દરમ્યાન સર્વેલન્સ ટીમને મળેલ બાતમી હકીકત આધારે ઉપરોકત ડીઝલ ચોરીના ગુન્હાઓને અંજામ આપનાર ''સમા ગેંગ'' ના મુખ્ય આરોપી અયુબ મલુક સમા રહે. નાના દીનારા તા-જી ભુજ(કચ્છ) વાળાની તેમજ ડીઝલનો જથ્થો લેનાર આરોપી પ્રદીપભાઇ અમુભાઇ મીયાત્રાને ગણતરીની કલાકમાં કુલ ૯૭૦ લીટર ડીઝલના જથ્થા સાથે ઝડપી લેવામાં આવ્યા હતા. પકડાયેલ આરોપીઓની પૂછ્તાછમાં સમા ગેંગનો સાગરીત આરોપી અસલમ ઉર્ફે અનવર કમાલ સમા રહે. કોટડ તા-જી ભુજ (કચ્છ) વાળાનું નામ ખુલતા તેને ફરાર જાહેર કર્યો છે. આ સાથે પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી આગળની વધુ તપાસની તજવીજ હાથ ધરી છે.

# મોરબીના માધાપર-૪માં રહેણાંકમાં તીનપત્તિનો જુગાર રમતા ૭ પકડાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સીટી એ ડિવિઝન પોલીસ ટીમને બાતમી મળી કે, માધાપર શેરી નં. ૪ માં મુન્નાવરખાન યુસુફખાન યુસુફઝઈ પોતાના રહેણાંક મકાન નં-૧માં જુગારના સાધનો પુરા પાડી જુગરનો અખાડો ચલાવતો હોય જે મુજબની બાતમી આધારે ઉપરોક્ત સ્થળે પોલીસે રેઇડ કરતા, જ્યાં તીનપત્તિનો જુગાર રમતા મુન્નાવરખાન યુસુફખાન યુસુફઝઈ ઉવ.૪૫ રહે. માધાપર શેરી નં.૪ મકાન નં.૧ મોરબી, સાહિદખાન મુન્નાવરખાન યુસુફઝઈ ઉવ.૧૯ રહે. માધાપર શેરી નં.૪ મોરબી, દાઉદભાઈ ગનીભાઈ પીપરવાડીયા ઉવ.૪૪ રહે. જોન્સનગર લાતી પ્લોટ નં.૧૨ મોરબી, રવીભાઈ દેવાભાઈ ડાભી ઉવ.૧૯ રહે. માધાપર શેરી નં.૨ મોરબી, વીમલભાઈ ઉર્ફે વીપુલભાઈ નટુભાઈ સોલંકી ઉવ.૪૮ રહે. સ્વાતીપાર્ક ઉમિયા ગેટની અંદર ન્યૂ એમ શાળા સામે મોરબી, હનીફભાઈ હુસેનભાઈ દીવાન ઉવ.૪૨ રહે. બોરીયાવાસ લીલાપર રોડ મોરબી તથા વિપુલભાઈ ઉર્ફે ડબલી રામભાઈ ગરીયા ઉવ.૨૮ રહે.અંબિકાનગર માધાપર મોરબી વાળાને રંગે હાથ ઝડપી લેવામાં આવ્યા હતા. પોલીસે આરોપીઓ પાસેથી રોકડા રૂ.૨૫,૫૦૦/- સહિતનો મુદ્દામાલ કબ્જે કરી તમામ આરોપીઓ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગુજરાત એનસીસી ડાયરેક્ટરેટ દ્વારા માર્ગદર્શિત MENU - 2026 ભવ્ય રીતે સંપન્ન






## જામનગર એનસીસી ગ્રુપના ૫૯ સિનિયર કેડેટ્સ સામેલ

**મુખ્ય સમાચાર, જામનગર**


જામનગર એનસીસી ગ્રુપના ૫૯ સિનિયર કેડેટ્સ સામેલ.પોરબંદરથી દિવ સુધી ૨૧૦ કિલોમીટરનું રાજ્ય કક્ષાનું સૌરાષ્ટ્ર સમુદ્ર.અભિયાન''૨૭ ફૂટ લાંબી ડ્રોપ કીલ વ્હેલ હલેસા તથા સઢવાળી ત્રણ બોટમાં ગુજરાતના કુલ ૭૫ એનસીસી કેડેટ્સ દ્વારા સૌરાષ્ટ્ર સમુદ્ર અભિયાનમાં પોરબંદરથી દિવ સુધી ૨૧૦ કિલોમીટરનું અંતર કાપવામાં આવ્યું.એનસીસી કેડેટ્સમાં નેતૃત્વશક્તિ, સાહસ, સંગઠનશક્તિ, આત્મવિશ્વાસ, કટોકટીના સમયમાં નિર્ણયશક્તિ વિકસાવવા એનસીસી દ્વારા રાજ્ય કક્ષાના સૌરાષ્ટ્ર સમુદ્ર અભિયાન MENU 2026 નું આયોજન.ગુજરાત એનસીસી ડાયરેકટરેટના એડિશનલ ડાયરેક્ટર જનરલ, મેજર જનરલ બિમલ મોંગા SM, VSM દ્વારા સૌરાષ્ટ્ર સમુદ્ર અભિયાનનું ફ્લેગ ઈન - સંપન્ન.જામનગર.પોરબંદર.દિવ.ગુજરાત,દીવ - દમણ અને દાદરા નગર હવેલી એનસીસી ડાયરેક્ટરેટના કેડેટ્સ માટે તા.૧૫ જાન્યુઆરીથી તા.૨૬ જાન્યુઆરી ૨૦૨૬ સુધી ૧૧ દિવસીય MENU 2026 Most Enterprising Naval Unit સૌરાષ્ટ્ર સમુદ્ર અભિયાનનું સાહસિક આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત રાજ્ય એનસીસીના કુલ ૭૫ ભાગ લીધો હતો. ૪૫ સિનિયર ડિવિઝન યુવાનો.અને ૩૦ સિનિયર વિંગ્સ યુવતીઓ. સામેલ થયા હતા. જેમાં જામનગર એનસીસી ગ્રુપ હેડ ક્વાર્ટર્સના ૫૯ કેડેટ હતા.કુલ ૨૧૦ કિલોમીટરનું આ સમુદ્ર અભિયાન ગુજરાત એનસીસી ડાયરેક્ટ્રેટના માર્ગદર્શન હેઠળ જામનગર એનસીસી ગ્રુપ હેડ ક્વાર્ટર દ્વારા આયોજિત કરવામાં આવ્યું હતું.

ગુજરાત એનસીસી ડાયરેક્ટરેટના એડિશનલ ડાયરેક્ટર જનરલ ADG. મેજર જનરલ વિમલ મોંગા, સેના મેડલ VSM વિશિષ્ટ સેવા મેડલ દ્વારા આ સામુદ્રિક અભિયાનને દીવ ખાતે ભવ્ય રીતે ફ્લેગ ઈન - સંપન્ન કરાવવામાં આવ્યું હતું. તેમણે એનસીસી કેડેટ્સને તેમની સાહસિકતા , આત્મવિશ્વાસ અને નેતૃત્વ શક્તિ માટે બિરદાવી દેશસેવા માટે સદૈવ તત્પર રહેવા અને જવાબદાર નાગરિક બનવા પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમમાં જામનગર એનસીસી ગ્રુપ હેડ ક્વાર્ટર્સના ગ્રુપ કમાન્ડર બ્રિગેડિયર પી શશી સહિત નેવી તથા આર્મીના વરિષ્ઠ અધિકારીઓની ઉપસ્થિતિ રહી હતી.પ્રથમ દિવસે સૌરાષ્ટ્ર સામુદ્રિક અભિયાનનું ફ્લેગ ઓફ નેવલ ઓફિસર ઈન્ચાર્જ NOIC ગુજરાત વિસ્તાર દ્વારા કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં જામનગર એનસીસી ગ્રુપ હેડ ક્વાર્ટર્સના ગ્રુપ કમાન્ડર તથા આર્મી નેવીના વરિષ્ઠ અધિકારીઓની ઉપસ્થિતિ રહી હતી.બીજા દિવસે કેડેટ્સ દ્વારા પોરબંદર થી નવીબંદરનું ૩૦ કિલોમીટરનું દરિયાઈ અંતર કાપવામાં આવ્યું હતું જેમાં પોરબંદરમાં વહેલી સવારે કીર્તિ મંદિરની મુલાકાત લઈ મહાત્મા ગાંધીના જીવન મૂલ્યોમાંથી રાષ્ટ્રભક્તિ સેવા અને બલિદાનની શીખ મેળવી હતી.

ત્રીજે દિવસે નવીબંદરથી માધવપુર સમુદ્રી સફર કરવામાં આવી હતી. સાથે-સાથે સ્થાનિકોમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ લાવવા બેટી બચાવો બેટી પઢાવોનું નુક્કડ નાટક કરવામાં આવ્યું હતું.ચોથા દિવસે માધવપુરથી માંગરોળનું દરિયાઈ અંતર કાપવામાં આવ્યું હતું.જેમાં દરિયાઈ સૃષ્ટિની જાળવણીના હેતુસર અને પર્યાવરણની સુરક્ષાની જાગૃતતાને ઉજાગર કરવા માધવપુર દરિયા કિનારાની સફાઈ કરવામાં આવી હતી.પાંચમા દિવસે સ્વાસ્થ્ય સંભાળ અંગે સ્થાનિકોમાં જાગૃતિ લાવવા માંગરોળમાં વોકથોન યોજી માંગરોળથી વેરાવળ ૪૦ કિલોમીટરનું દરિયાઈ અંતર પણ કાપવામાં આવ્યું હતું.

છઠ્ઠા દિવસે વેરાવળથી મૂળ દ્વારકા સુધીનું ૩૫ કિલોમીટરનો દરિયાઈ અંતર કાપી વેરાવળમાં સ્વચ્છતા અભિયાન પણ કરવામાં આવ્યું હતું અને ઐતિહાસિક દીવાદાંડીની મુલાકાત લેવામાં આવી હતી. અંતિમ દિવસે ૪૫ કિલોમીટરનું દરિયાઈ અંતર કાપી મૂળ દ્વારકાથી દીવ સમુદ્ર અભિયાન પહોંચ્યું હતું.જેમાં દરિયાઈ તટના સ્થાનિકોમાં લોકશાહીની જવાબદારી માટે જાગૃતિ લાવવા મતદાન અંગેનું નુક્કડ નાટક આયોજિત કરવામાં આવ્યું હતું. એડિશનલ ડાયરેક્ટર જનરલન ADG.ની ઉપસ્થિતિમાં સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે. વિવિધ ક્ષેત્રમાં સિદ્ધિ મેળવનારા કેડેટ્સને પારિતોષિકથી સન્માનિત કરવામાં આવશે.

# નવયુગ ગ્રુપ ઓફ એજ્યુકેશન દ્વારા ગણતંત્ર દિવસની શિસ્તબદ્ધ અને ગૌરવભેર ઉજવણી



## એક્સ આર્મી મેન અને કાર્યકર્તાના કરકમળે ધ્વજવંદન, દેશસેવા અને સંસ્કારનો સંદેશ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી નવયુગ ગ્રુપ ઓફ એજ્યુકેશન ખાતે ૭૭મા ગણતંત્ર દિવસની ઉજવણી ભવ્ય અને શિસ્તબદ્ધ રીતે કરવામાં આવી હતી. એક્સ આર્મી મેન તથા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કાર્યકર્તા રાજેશભાઈ બદ્રકિયાના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં NCC પરેડ, સાંસ્કૃતિક કાર્યક્રમો, દેશભક્તિ ગીતો, વક્તૃત્વ અને નૃત્ય દ્વારા વિદ્યાર્થીઓએ દેશપ્રેમ પ્રગટ કર્યો હતો. આ અવસરે રાષ્ટ્રનિર્માણ, પર્યાવરણ સંરક્ષણ અને નાગરિક કર્તવ્ય અંગે પ્રેરણાત્મક સંદેશ આપવામાં આવ્યો હતો.

નવયુગ ગ્રુપ ઓફ એજ્યુકેશન મોરબી દ્વારા ૭૭મા ગણતંત્ર દિવસની ઉજવણી નવયુગ સંકુલ વિરપર મુકામે ભવ્ય, ગૌરવસભર અને શિસ્તબદ્ધ વાતાવરણમાં કરવામાં આવી હતી. છેલ્લા ૨૨ વર્ષથી દેશસેવા અને સંસ્કારનું પ્રતીક બનેલા એક્સ આર્મી મેન તથા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કાર્યકર્તા રાજેશભાઈ બદ્રકિયા (જીલ્લા સામાજિક સદભાવ સંયોજક RSS)ના કરકમળે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. ધ્વજવંદન બાદ રાજેશભાઈ બદ્રકિયાએ પોતાના પ્રવચનમાં ''પર્યાવરણનું જતન એ આજના સમયની મહત્વની જરૂરિયાત છે'' એમ જણાવી પંચ પરિવર્તનના વિચાર અને તેના અમલ પર વિશેષ પ્રકાશ પાડ્યો હતો. સંસ્થાના પ્રમુખ પી.ડી. કાંજીયાએ આ અવસરે જણાવ્યું હતું કે, ''નાગરિક કર્તવ્યનું નિષ્ઠાપૂર્વક પાલન કરવું એ જ સાચી દેશભક્તિ છે.'' આ તકે ભારત માતાનું પૂજન અને આરતી કરી કાર્યક્રમનો શુભ આરંભ કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમ દરમિયાન NCC બોય્ઝ બટાલિયન તથા NCC ગર્લ્સ બટાલિયન દ્વારા શિસ્તબદ્ધ પરેડ રજૂ કરવામાં આવી હતી. ત્યારબાદ કે.જી.થી કોલેજ સુધીના વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિથી ઓતપ્રોત સમૂહગાન, નૃત્ય, નાટિકા, વક્તૃત્વ જેવા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરાયા હતા. શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને ઈનામોનું વિતરણ કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. નવયુગ વિદ્યાલય મોરબી ખાતે ડો. ઉત્સવભાઈ દવે (દરબારગઢ ઉપનગર કાર્યવાહ RSS) દ્વારા પ્રેરણાત્મક પ્રવચન આપવામાં આવ્યું હતું. તેમણે રાષ્ટ્રને મજબૂત બનાવવા પરિવાર અને સંયુક્ત કુટુંબની ભૂમિકા, દેશભક્તિ, શિસ્ત અને સેવાભાવ જેવા વિષયો પર માર્ગદર્શન આપ્યું હતું તેમજ ના કાર્યો અને રાષ્ટ્રનિર્માણમાં યુવાનોની જવાબદારી અંગે વિશેષ માહિતી આપી હતી.

આ ઉજવણીમાં રાષ્ટ્રગીત, દેશભક્તિ ગીતો, નૃત્ય, ભાષણો અને શપથવિધિ જેવા કાર્યક્રમોનો સમાવેશ થયો હતો. નવયુગ પ્રી-સ્કૂલ ઈન્ટરનેશનલમાં પણ ધ્વજવંદન સાથે નાના ભૂલકાઓ દ્વારા વેશભૂષા અને દેશભક્તિ સ્પીચ રજૂ કરી સૌને ભાવવિભોર બનાવ્યા હતા. શાળા અને કોલેજના તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા સ્ટાફે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સર્વે કાર્યક્રમો સરકારની માર્ગદર્શિકાઓ અનુસાર શિસ્ત અને ઉત્સાહ સાથે યોજાયા બદલ સંસ્થાના પ્રમુખ પી.ડી. કાંજીયા તથા શ્રીમતી રંજનબેન પી. કાંજીયાએ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ સંકલન મેનેજિંગ ટ્રસ્ટી બળદેવભાઈ સરસાવાડીયાએ કર્યું હતું.

# મોરબી મનપા દ્વારા ૭૭માં પ્રજાસત્તાક પર્વની રાણીબાગ મણિમંદિર ખાતે ભવ્ય ઉજવણી

## કમિશનર સ્વપિનલ ખરેના હસ્તે ધ્વજવંદનઃ વિકાસકાર્યો અને ડિજિટલ સેવાઓ અંગે મહત્વપૂર્ણ જાહેરાતો





**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકા દ્વારા ૨૬ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ ૭૭માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી રાણીબાગ મણિમંદિર ખાતે ભવ્ય રીતે કરવામાં આવી હતી. મનપા કમિશનર સ્વપિનલ ખરે દ્વારા ધ્વજવંદન કરી રાષ્ટ્રધ્વજને સલામી આપવામાં આવી હતી. પ્રસંગે શહેરના વિકાસ, સુગમ પરિવહન, ડિજિટલ સેવાઓ, વેબસાઈટ અને મોબાઈલ એપ લોન્ચ સહિત અનેક મહત્વપૂર્ણ પ્રોજેક્ટ અંગે માહિતી આપવામાં આવી હતી. શ્રેષ્ઠ કામગીરી કરનાર કર્મચારીઓ તથા સફાઈ કામદારોનું સન્માન કરવામાં આવ્યું હતુ અને કાર્યક્રમનું સમાપન વૃક્ષારોપણ સાથે કરાયું હતું.

મોરબી મહાનગરપાલિકા દ્વારા ૭૭માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી શહેરના રાણીબાગ સ્થિત મણિમંદિર ખાતે ઉત્સાહ અને દેશભક્તિપૂર્ણ માહોલમાં કરવામાં આવી હતી. આ પ્રસંગે મોરબી મહાનગરપાલિકા કમિશનર સ્વપિનલ ખરે દ્વારા ધ્વજવંદન કરી રાષ્ટ્રધ્વજને સલામી આપવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન શ્રેષ્ઠ કામગીરી કરનાર મનપાના કર્મચારીઓ તેમજ સફાઈ કામદારોને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. સાથે જ મોરબી શહેર પ્રદૂષણમુક્ત અને હરિયાળું બને તેવા હેતુસર કાર્યક્રમના અંતમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

પ્રજાસત્તાક પર્વ નિમિત્તે આપેલા પ્રસંગિક ઉદબોધનમાં માન. કમિશનરે જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર દ્વારા તા. ૧/૧/૨૦૨૫થી મોરબી અને આસપાસના વિસ્તારોને સમાવિષ્ટ કરી મોરબીને મહાનગરપાલિકાનો દરજ્જો આપવામાં આવ્યો છે. મહાનગરપાલિકા કાર્યાન્વિત થયા બાદ પ્રથમ દિવસથી જ શહેરીજનોની સુખાકારી માટે વિકાસ કાર્યોને પ્રાથમિકતા આપવામાં આવી છે. શહેરના સુવ્યવસ્થિત અને આયોજનબદ્ધ વિકાસ માટે શરૂઆતથી જ રોડમેપ તૈયાર કરી વિવિધ યોજનાઓ અમલમાં મુકવામાં આવી રહી છે.

પ્રજાસત્તાક પર્વ નિમિત્તે મોરબીના નહેરુ ગેટ અને રાણીબાગ મણિમંદિરને દેશના તિરંગાની થીમ મુજબ આકર્ષક રીતે સુશોભિત કરવામાં આવ્યા હતા. આગામી સમયમાં મનપાની ઈલેક્ટ્રિક શાખા દ્વારા સંપૂર્ણ ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ મોરબીવાસીઓને નિયમિતપણે તિરંગાની લાઇટિંગ થીમનો મનમોહક નજારો જોવા મળશે. નાગરિક કેન્દ્રિત સેવાઓને વધુ અસરકારક અને ઝડપી બનાવવા ડિજિટલ પહેલ અંતર્ગત મોરબી મહાનગરપાલિકા દ્વારા વેબસાઈટ તથા મોબાઇલ એપ્લિકેશન લોન્ચ કરવામાં આવી છે, જેના માધ્યમથી નાગરિકો વિવિધ શાખાઓ દ્વારા આપવામાં આવતી સેવાઓનો લાભ ઘેર બેઠા ઓનલાઈન મેળવી શકશે. સુગમ પરિવહન સુવિધા માટે મોરબી શહેરમાં કુલ રૂ.૨૬૬ કરોડના ખર્ચે ત્રણ નવા બ્રિજનું નિર્માણ થનાર છે, જેમાં ગુજરાત રાજ્યનો ચોથો કેબલ બ્રિજ મોરબીને મળવા જઈ રહ્યો છે. આ ઉપરાંત શહેરીજનોને વધુ સુવિધા મળે તે માટે રૂ.૧૧૫ કરોડના ખર્ચે મુખ્ય ઓફિસ ઈસ્ટ અને વેસ્ટ ઝોનની નવી ઓફિસો બનાવવાની કામગીરી ટૂંક સમયમાં શરૂ થનાર છે. રૂ.૭.૪૨ કરોડના ખર્ચે વર્કશોપ તથા વિવિધ શાખાના સ્ટોરનું નિર્માણ પ્રગતિ હેઠળ છે, જ્યારે રૂ.૧૫.૭૫ કરોડના ખર્ચે શહેરના ચાર સ્થળે આધુનિક અર્બન હેલ્થ સેન્ટરો બનાવવાની કામગીરી પણ ચાલુ છે. સ્વચ્છ અને સુંદર શહેર માટે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા ૧૦૦ ટકા ડોર-ટુ-ડોર કચરો સંગ્રહ કરવામાં આવે છે અને આ કામગીરીનું ડિજિટલ મોનિટરિંગ પણ અમલમાં મુકાયું છે. તાજેતરમાં તા. ૨૪ના રોજ મુખ્યમંત્રીના વરદ હસ્તે રૂ.૧૬.૬૬ કરોડના ૨૯ વિકાસ કાર્યોનું લોકાર્પણ તેમજ રૂ.૫૧૨ કરોડના ૪૭ વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હોવાનું પણ કમિશનરે જણાવ્યું હતું. આ પ્રજાસત્તાક પર્વના કાર્યક્રમમાં મોરબી મહાનગરપાલિકાના નાયબ કમિશનર કુલદીપસિંહ વાળા (વ), નાયબ કમિશનર સંજય કુમાર સોની, મનપાની વિવિધ શાખાના અધિકારીઓ, કર્મચારીઓ તેમજ શહેરના વિવિધ સંસ્થાઓના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# વાંકાનેરના મેસરીયા ગામ નજીક ઓવરટેક કર્યાનો ખાર રાખી યુવકને બે શખ્સોએ માર માર્યો



**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર તાલુકાના મેસરીયા ગામે ઇકો કારના ચાલક યુવકને અન્ય ઇકોના ચાલક સહિત બે શખ્સોએ માર માર્યા અંગેનો બનાવ સામે આવ્યો છે, જેમાં ભોગ બનનાર યુવકે રોડ ઉપર આગળ જઇ રહેલ ઇકો કારની સાઈડ કાપતા, જે બાબતનો ખાર રાખી યુવક ઉપર હુમલો કરી ફ્રેકચર જેવી ઈજાઓ પહોંચાડવામાં આવી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર, રાજકોટ જીલ્લાના વીંછીયા તાલુકાના નાના માત્રા ગામે રહેતા ઈશ્વરભાઈ દેવશીભાઈ હણ ઉવ.૩૪ ગઈ તા.૨૫/૦૧ના રોજ પોતાની ઇકો કાર રજી.નં. જીજે-૦૩-કેસી-૧૧૪૮માં તેમના કાકાની દિકરીઓ તથા તેણીની બહેનપણીઓને લઈને ચોટીલા તથા મેસરીયા ગામે દર્શન કરવા જતાં હોય તે દરમિયાન વાંકાનેરના ભલગામ નજીક રોડ ઉપર આગળ જતી અન્ય ઇકો કાર રજી.જીજે-૧૩-એબી-૧૬૭૭નો ઓવરટેક કરતા, તે ઇકો કારના ચાલક આરોપી ભરતભાઇ રામભાઈ ખટાણા રહે. કાળાસર તા.ચોટીલા જી.સુ.નગર વાળાને ન ગમતા, જેનો ખાર રાખી જ્યારે ફરિયાદી વાંકાનેર ગમારા લેટ્રોલ પમ્પ પાસે હોટલમાં નાસ્તો કરવા ઉભા રહ્યા ત્યારે આરોપી ભરતભાઇ અને અન્ય એક અજાણ્યો ઈસમ એમ બન્ને શખ્સો આવી ફરિયાદીને ગાળો આપી ઢીકા પાટુનો માર તથા લોખંડના પાઇપ વડે માર મારી ફ્રેકચર જેવી ઇજાઓ લાહોચાડી બન્ને આરોપીઓ ત્યાંથી ચાલ્યા ગયા હતા. ત્યારે ઇજાગ્રસ્ત ઈશ્વરભાઈએ વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં બન્ને આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા, પોલીસે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ૭૭મા પ્રજાસત્તાક પર્વની રાજકોટ શહેર કક્ષાની ઉજવણી દેશભક્તિપૂર્ણ માહોલમાં સંપન્ન

**પ્રાંત અધિકારી ડૉ. ચાંદની પરમારના હસ્તે ધ્વજવંદન કરાયું : સ્વાતંત્ર્ય સેનાનીઓના પરિવારોનું અભિવાદન કરાયું : ઉત્તમ કામગીરી કરનારા ૨૫ કર્મયોગીઓ અને રમતવીરોનું પ્રમાણપત્રથી સન્માન કરાયું : દેશને વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત બનાવવા નાગરિક ધર્મ નિભાવીએ તે જરૂરીઃ ડૉ. ચાંદની પરમાર**





**મુખ્ય સમાચાર, રાજકોટ**

૭૭મા પ્રજાસત્તાક પર્વની રાજકોટ શહેરકક્ષાની ઉજવણી આજે દેશભક્તિપૂર્ણ માહોલમાં રાજકોટ શહેર-૧ પ્રાંત અધિકારી ડૉ. ચાંદની પરમારની અધ્યક્ષતામાં ચૌધરી હાઈસ્કૂલ ખાતે સંપન્ન થઈ હતી. આ અવસરે સ્વાતંત્ર્ય સેનાનીઓના પરિવારોનું અભિવાદન કરાયું હતું તેમજ ઉત્તમ કામગીરી કરનારા વિવિધ વિભાગના ૨૫ જેટલા કર્મયોગીઓને પ્રમાણપત્ર આપીને બિરદાવાયા હતા.

ચૌધરી હાઈસ્કૂલ ખાતે સવારે નવ કલાકે રાજકોટ શહેર-૧ પ્રાંત અધિકારી ડૉ. ચાંદની પરમાર દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ અધિકારીશ્રી દ્વારા પરેડ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. બાદમાં રાજકોટ પોલીસ દળ, હોમગાર્ડસ તથા ગુજરાત ગર્લ્સ બટાલિયન-એન.સી.સી.ની ગર્લ્સ કેડેટસની પ્લાટુને શિસ્તબદ્ધ રીતે રજુ કરેલી માર્ચપાસ્ટે નાગરિકોમાં જુસ્સો ભરી દીધો હતો.

આ અવસરે પ્રાસંગિક ઉદબોધન કરતા ડૉ. ચાંદની પરમારે કહ્યું હતું કે, આપણું બંધારણ એ આપણી શક્તિ છે. તે નાગરિકોને અધિકારો આપે છે, સાથે કર્તવ્ય માટે દિશાસૂચન કરે છે. બંધારણ કેન્દ્ર તથા રાજ્ય સરકારને સુચારુ પ્રશાસનની પ્રેરણા આપે છે. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારે બંધારણની ભાવનાને સાકાર કરતા અનેકવિધ કલ્યાણકારી યોજનાઓ અમલી બનાવી છે. આ યોજનાઓના લાભો છેવાડાના વિસ્તારના લોકો સુધી પહોંચાડવા વહીવટી તંત્ર પ્રો-એક્ટિવ અભિગમ સાથે પ્રયત્નશીલ છે.

તેમણે કહ્યું હતું કે, રાજકોટમાં સરકારી યોજનાઓનું સુચારુ અને અસરકારક અમલીકરણ થઈ રહ્યું છે અને તેના થકી નાગરિકોને ઘરઆંગણે સરકારી સેવાઓના લાભ મળી રહ્યા છે.

દેશને વિકસિત બનાવવા માટે નાગરિક ધર્મ નિભાવવાની અપીલ કરતા તેમણે કહ્યું હતું કે, ભારત દેશને વર્ષ ૨૦૪૭માં વિકસિત દેશ બનાવવાનું વિઝન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આપ્યું છે. આપણા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વિકસિત ગુજરાત થકી વિકસિત ભારતની સંકલ્પનાને સાકાર કરવા રાજ્યના બાંધવોને આહવાન કર્યું છે. આપણે સૌ દેશહિતમાં શ્રેષ્ઠ યોગદાન આપીને દેશને વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત બનાવવા નાગરિક ધર્મ નિભાવીએ તે જરૂરી છે.

આ અવસરે દેશની સ્વતંત્રતા માટે ત્યાગ અને બલિદાન આપનારા રાજકોટના વિવિધ સ્વાતંત્ર્ય સેનાનીઓના પરિવારોના સભ્યોનું સૂતરની આંટીથી સન્માન કરવામાં આવ્યું હતું.

બાદમાં રાજકોટની પોદ્દાર ઈન્ટરનેશનલ સ્કૂલ, સુભાષ કન્યા વિદ્યાલય, કલ્યાણ હાઈસ્કૂલ, સેન્ટ ગાર્ગી વિદ્યા સંકુલ, ક્રિસ્ટલ સ્કૂલ દ્વારા સંગીતની સુરાવલીઓ સાથે વિવિધ દેશભક્તિપૂર્ણ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. આ કૃતિઓએ લોકોના દિલ જીતી લીધા હતા. આ તમામ સ્કૂલોની કૃતિઓને બિરદાવાઈ હતી.

બાદમાં રાજકોટ જિલ્લામાં વિવિધ સરકારી કચેરીઓમાં શ્રેષ્ઠ કામગીરી કરનારા વિવિધ વિભાગોના ૨૫ જેટલા કર્મચારીઓ અને રમતગમત ક્ષેત્રે ઉત્તમ પ્રદર્શન કરનારા વિવિધ રમતવીરોનું પ્રમાણપત્ર આપીને સન્માન કરવામાં આવ્યું. ત્યારબાદ અધિકારીઓ તથા મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં સાંસદ રામભાઈ મોકરીયા, ધારાસભ્ય ડૉ. દર્શિતાબેન શાહ, મામલતદાર-પૂર્વ એન.પી. અજમેરા, મામલતદાર-પશ્ચિમ એ. એમ. જોશી, મામલતદાર-દક્ષિણ આર.કે. સરવૈયા, વિવિધ વિભાગોના અધિકારીઓ, કર્મચારીઓ, શાળાનો સ્ટાફ, છાત્રો તેમજ નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# જેતપુરમાં ૭૭મા પ્રજાસત્તાક પર્વની આન-બાન-શાનથી ઉજવણી



## જિલ્લા પ્રભારી મંત્રીની અધ્યક્ષતામાં ધ્વજવંદનઃ રાષ્ટ્રધ્વજને સલામી આપતા નાગરિકો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જેતપુરમાં હેલિપેડ ગ્રાઉન્ડ ખાતે રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આજ રોજ ૭૭મા પ્રજાસત્તાક દિવસ નિમિત્તે જિલ્લાકક્ષાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં રાજકોટ જિલ્લા પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં ધ્વજવંદન કરીને, પ્રજાસત્તાક દિવસની શાન-બાન-આનથી ઉજવણી કરાઈ હતી. આ તકે ઉપસ્થિતોએ રાષ્ટ્રગાન 'જન ગણ મન'ની બેન્ડ સુરાવલી સાથે રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી.

આ કાર્યક્રમમાં મંત્રીએ જિલ્લા કલેક્ટર ડૉ. ઓમ પ્રકાશ અને પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જરની સાથે પરેડ નિરીક્ષણ કર્યું હતું. ત્યારબાદ પરેડ કમાન્ડર પ્રોબેશનરી આઈ.પી.એસ. ઓફિસર પ્રખરકુમાર અને ઉપકમાન્ડર પોલીસ ઈન્સ્પેક્ટર પાર્થરાજસિંહ જાડેજાની આગેવાની હેઠળ મહિલા પોલીસ, અશ્વ દળ સહિત ગ્રામ્ય પોલીસ જવાનોની ૦૫ ટીમોએ બેન્ડ સૂરના તાલે શિસ્તબદ્ધ માર્ચપાસ્ટ કરી હતી. આ તકે સખી કેન્ટીન-સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ, સામાજિક વનીકરણ, ઝેરમુક્ત પ્રાકૃતિક ખેતી, રાહવીર યોજના, પશુપાલન, આયુષ્માન ભારત યોજના, અભયમ્? હેલ્પલાઈન, પા પા પગલી યોજના, સ્માર્ટ વિલેજ પાવર ગ્રીડ વીથ રીન્યુબલ એનર્જી, જનરક્ષક વાન, ક્વિક રિસ્પોન્સ ટીમ જેવી થીમ આધારિત ૧૧ જેટલા ટેબ્લોનું પ્રદર્શન કરીને લોકોને યોજનાકીય માહિતી અપાઈ હતી. ટેબ્લો પ્રદર્શિત કરનારી તમામ કચેરીઓને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતાં.

આ અવસરે ગુજરાત સરકારના કૃષિ મંત્રી તથા રાજકોટ જિલ્લા પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણીએ સૌને પ્રજાસત્તાક દિવસની શુભેચ્છા પાઠવતાં જણાવ્યું હતું કે ભારતનું બંધારણ સ્વતંત્રતા, સમાનતા, ન્યાયની સાથે લોકશાહીની મહત્તા સમજાવે છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી જનહિતને કેન્દ્રસ્થાને રાખીને 'નેશન ફર્સ્ટ'ની કર્તવ્યભાવના સાથે 'વિકસિત ભારત' તરફના માર્ગે આગળ વધી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ભારત દેશને વર્ષ ૨૦૪૭માં વિકસિત દેશ બનાવવાનું વિઝન આપણને આપ્યું છે. ત્યારે રાજ્ય સરકાર મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સક્ષમ નેતૃત્વ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના માર્ગદર્શન હેઠળ વિકસિત ગુજરાત થકી વિકસિત ભારતની સંકલ્પનાને સાકાર કરવા પ્રયાસશીલ છે. રાજ્ય સરકાર સોમનાથ સ્વાભિમાન પર્વ, ભગવાન બિરસા મુંડાની જન્મજયંતિની ઉજવણી જેવા કાર્યક્રમ થકી ઈતિહાસ અને સંસ્કૃતિને સાથે રાખીને વર્તમાનમાં પ્રગતિ કરી રહી છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના મુખ્યમંત્રી તરીકે કાર્યકાળ દરમિયાન વર્ષ ૨૦૦૩માં વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનો આરંભ થયો હતો. જેના લીધે બે દાયકામાં ગુજરાત વિકાસનું ગ્રોથ એન્જિન તરીકે ઉભરી આવ્યું છે. એટલું જ નહીં, વાઈબ્રન્ટ સમિટના પરિણામે વિશ્વભરના ઉદ્યોગકારોએ ગુજરાતમાં અબજો રૂ.નું રોકાણ કર્યું છે. આ વર્ષે વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ સૌરાષ્ટ્ર-કચ્છમાં રૂ. પાંચ લાખ કરોડથી વધુ રકમના રોકાણો માટે અંદાજે પાંચ હજાર સમજૂતી કરારો થયા છે. આમ, વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સે સૌરાષ્ટ્ર વિસ્તારની પ્રગતિ માટે નવી કેડી કંડારી છે. 'વાઈબ્રન્ટ ગુજરાત'નો દેશને પાંચ ટ્રિલિયન ડોલરની ઈકોનોમી બનાવવામાં અમૂલ્ય ફાળો રહેશે. ત્યારે દેશને સ્વતંત્ર બનાવવા બલિદાન આપનારા દેશભક્તોએ જોયેલા સશક્ત અને સમૃદ્ધ ભારતના સ્વપનને સાકાર કરવામાં યોગદાન આપીએ, તેમ મંત્રીએ વધુમાં જણાવ્યું હતું.

આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે 'હિન્દ છોડો' લડતમાં જોડાનારા સ્વાતંત્ર્ય સેનાની ધીરજલાલ રાવલ અને 'આઝાદ હિન્દ ફોજ'ના સ્વાતંત્ર્ય સેનાની સ્વ. છગનભાઈ કટારીયાના પરિજનોને શાલ અને ચરખાની પ્રતિકૃતિથી સન્માનિત કરાયાં હતાં. ડોગ સ્કવોડ અને હોર્સ રાઈડિંગના દિલધડક કરતબો રજૂ થયાં હતાં, જેને નિહાળીને લોકો મંત્રમુગ્ધ થયા હતાં. દેશભક્તિપૂર્ણ માહોલમાં શાળાઓના વિદ્યાર્થીઓએ તલવાર રાસ સહિત 'માઈ તેરી ચુનરીયા લહેરાઈ', 'સુજલામ્? સુફલામ્? મલયજ શીત-લામ્' ગીતો પર સાંસ્કૃતિક નૃત્ય કૃતિઓ તથા કલાકારોએ 'મોરપીંછળા શ્યામ છોગાળા' જેવા ગીતો પર અડિંગો રાસ અને હુડો રાસ રજૂ કર્યા હતાં. તેમજ શ્રેષ્ઠ કામગીરી કરનારા આશરે ૭૦ સરકારી કર્મયોગીઓને પ્રમાણપત્ર આપીને, તેમનું બહુમાન કરાયું હતું. મંત્રીના હસ્તે રાજકોટ જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશને જિલ્લાના સ્વર્ણિમ વિકાસ માટે રૂ. ૨૫ લાખનો ચેક અર્પણ કરાયો હતો. આ તકે મહાનુભાવોએ અશ્વોને ગોળ ખવડાવી, માનવતાવાદી અભિગમ દાખવ્યો હતો. કાર્યક્રમના અંતે રાષ્ટ્રગાન બાદ મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરાયું હતું

# રાજકોટ રેલવે ડિવિઝન દ્વારા ૭૭મા પ્રજાસત્તાક પર્વની ઉત્સાહભેર ઉજવણી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન દ્વારા ૭૭મા પ્રજાસત્તાક પર્વની સંપૂર્ણ ઉત્સાહ, ઉલ્લાસ અને દેશભક્તિની ભાવના સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે ડિવિઝનલ રેલવે મેનેજર ગિરિરાજ કુમાર મીનાએ રાજકોટ સ્થિત રેલવે ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો અને તિરંગાને સલામી આપી હતી.

સમારોહ દરમિયાન રેલવે સુરક્ષા બળ દ્વારા ભવ્ય પરેડનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ડિવિઝનલ રેલવે મેનેજરને 'ગાર્ડ ઓફ ઓનર' એનાયત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શ્રી મીનાએ તમામ રેલવે કર્મચારીઓ અને તેમના પરિવારજનોને પ્રજાસત્તાક પર્વની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે પશ્ચિમ રેલવેના જનરલ મેનેજરના સંદેશનું વાંચન કર્યું હતું અને વર્ષ દરમિયાન રાજકોટ ડિવિઝન દ્વારા પ્રાપ્ત કરવામાં આવેલી મહત્વપૂર્ણ સિદ્ધિઓની વિગતવાર માહિતી પણ શેર કરી હતી.

આ પ્રસંગે આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમોએ સમારોહમાં રંગ રાખ્યો હતો. દેશભક્તિના ગીતો અને નૃત્ય પ્રસ્તુતિઓએ ઉપસ્થિત જનમેદનીને રાષ્ટ્રીય એકતા અને ગૌરવની ભાવનાથી તરબોળ કરી દીધી હતી. તે જ સમયે, ડોગ સ્ક્વોડ દ્વારા આપવામાં આવેલી વિશેષ પ્રસ્તુતિએ પ્રેક્ષકોમાં વિશેષ આકર્ષણ જમાવ્યું હતું.

પુરસ્કાર વિતરણ : (૧) પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠન, રાજકોટ દ્વારા બાળકો માટે આયોજિત નિબંધ અને ચિત્રકલા સ્પર્ધાના વિજેતા બાળકોને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા., (૨) પાછલા વર્ષ દરમિયાન ઉત્કૃષ્ટ કામગીરી કરનારા ૪૯ કર્મચારીઓને ડિવિઝનલ રેલવે મેનેજર ગિરિરાજ કુમાર મીના દ્વારા પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા., (૩) તાજેતરમાં પશ્ચિમ રેલવે દ્વારા મુંબઈમાં આયોજિત સ્પોર્ટ્સ મીટ-૨૦૨૫ દરમિયાન વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા બનેલા રાજકોટ ડિવિઝનના અધિકારીઓને પણ DRM દ્વારા મેડલ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ ગરિમાપૂર્ણ અવસરે પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠન, રાજકોટ ડિવિઝનના પ્રમુખ મુકેશી મીના અને તેમની ટીમ, એડિશનલ ડિવિઝનલ રેલવે મેનેજર કૌશલ કુમાર ચૌબે, ડિવિઝનલ સિક્યુરિટી કમિશનર કમલેશ્વર સિંહ, વિવિધ વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ, કર્મચારીઓ અને તેમના પરિવારજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# એશિયા ઈંગ્લિશ સ્કૂલમાં ૭૭મા ગણતંત્ર દિવસની ભવ્ય ઉજવણી




**મુખ્ય સમાચાર, અમદાવાદ**

એશિયા ઈંગ્લિશ સ્કૂલમાં ૭૭મા ગણતંત્ર દિવસની ભવ્ય ઉજવણી દેશભક્તિના માહોલમાં કરવામાં આવી. આ પ્રસંગે એશિયા ચેરિટેબલ ટ્રસ્ટના ચેરમેન ડૉ. એમ. પી. ચંદ્રન, સેક્રેટરી કે. એલ. એન. શાસ્ત્રી તથા ગ્રુપના અન્ય મહાનુભાવો અને ફેકલ્ટી સભ્યો હાજર રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત ધ્વજવંદન અને વંદે માતરમના ગાન સાથે થઈ હતી. વિદ્યાર્થીઓએ આકર્ષક સાંસ્કૃતિક કૃતિઓ અને દેશભક્તિ ગીતો રજૂ કરીને એકતા અને શિસ્તનો સંદેશ પાઠવ્યો હતો.

શાળાના પ્રિન્સિપાલે વિદ્યાર્થીઓને નાગરિક તરીકેની ફરજો સમજાવતા જણાવ્યું કે, રોજિંદા જીવનમાં શિસ્ત અને જવાબદાર વ્યવહાર એ જ સાચી દેશભક્તિ છે. ચેરમેન ડૉ. એમ. પી. ચંદ્રને પણ પ્રેરણાદાયક ઉદ્બોધન આપતા કહ્યું કે, ''સ્વતંત્રતા એટલે મનસ્વી વર્તન નહીં, પરંતુ મુશ્કેલ પરિસ્થિતિમાં પણ સત્યની પસંદગી કરવી.'' તેમણે ઉમેર્યું કે ગણતંત્રની ભાવના વર્ગખંડો અને ખેલમેદાનોની નાની-નાની ઈમાનદાર ક્રિયાઓમાં જીવંત રહે છે.

ડૉ. ચંદ્રને આત્મવિશ્વાસી પેઢી તૈયાર કરવા બદલ શિક્ષકોની પ્રશંસા કરી હતી. કાર્યક્રમના અંતે તમામ ઉપસ્થિતોએ સંવિધાનના મૂલ્યોનું પાલન કરવાની સામૂહિક પ્રતિજ્ઞા લીધી હતી. રાષ્ટ્રીય સલામી અને દેશભક્તિના સૂત્રોચ્ચાર સાથે આ શાનદાર ઉજવણીનું સમાપન થયું હતું.

# મોરબીમાં વજેપર વિસ્તારમાં ખંઢેર મકાનમાંથી વિદેશી દારૂ બિયરનો જથ્થો ઝડપાયો, આરોપી ફરાર

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરના વજેપર શેરી નં.૧૧ માં આવેલ ખંઢેર મકાનમાં વિદેશી દારૂ બિયરનો જથ્થો રાખી તેનું વેચાણ કરતા હોવાની બાતમીને આધારે સીટી એ ડિવિઝન પોલીસે રેઈડ કરી મકાનમાંથી વિદેશી દારૂની ૩૬ બોટલ તથા બિયરના ૨૪ ટીન જેની કુલ કિ.રૂ.૨૪,૪૮૦/- નો મુદ્દામાલ ઝડપી લેવામાં આવ્યો હતો. દરોડા દરમિયાન આરોપી હાજર નહિ મળી આવતા તેને પકડી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

મળતી માહિતી મુજબ, સીટી એ ડિવિઝન પોલીસ ટીમને ખાનગીરાહે બાતમી મળી કે આરોપી ભુપેન્દ્ર જયસુખભાઈ વાઘેલા રહે. કાલિકા પ્લોટ મોમાઈ ડેરી પાસે મોરબી વાળો વજેપર શેરી નં.૧૧મા આવેલ પોતાના કબ્જા ભોગવટા વાળા ખંઢેર મકાનમાં વિદેશી દારૂ રાખી તેનું ગેરકાયદેસર વેચાણ કરે છે, જેથી તુરંત પોલીસે ઉપરોક્ત ખંઢેર મકાનમાં રેડ કરતા જ્યાંથી વિદેશી દારૂની અલગ અલગ બે બ્રાન્ડની ૩૬ બોટલ કિ.રૂ.૨૧,૬૦૦/- તથા કિંગફિશર બિયરના ૨૪ ટીન કિ.રૂ.૨,૮૮૦/- એમ કુલ રૂ.૨૪,૪૮૦/- નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો. દરોડા દરમિયાન આરોપી ભુપેન્દ્ર વાઘેલા હાજર નહિ મળી આવતા તેને પોલીસે ફરાર જાહેર કરી આગળની તપાસની તજવીજ શરૂ કરી છે.

# મોરબીના લાલપર ગામે સમાધાનની વાતચીત દરમિયાન હોટલ સંચાલક સહિત બે પર હિંસક હુમલો

**લાલપર ગામે સંતકૃપા હોટલ પાસે ઉશ્કેરાયેલા ચાર જેટલા શખ્સોએ લોખંડના પાઈપથી માર મારી ઈજાઓ પહોંચાડી**

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના લાલપર ગામે સમાધાનની વાતચીત દરમ્યાન ઉશ્કેરાયેલા શખ્સોએ હોટલ સંચાલક સહિત બે વ્યક્તિ ઉપર હુમલો કરતા મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં ગંભીર કલમો હેઠળ ગુનો નોંધાયો છે.

મળતી વિગત મુજબ, લાલપર ગામ નવાપરા પ્લોટ વિસ્તારમાં રહેતા અને સંતકૃપા હોટલના સંચાલક મયુરભાઈ રતીલાલભાઈ અઘારાએ મોરબી તાલુકા પોલીસ મથકમાં આરોપી મહેસભાઈ ભરવાડ રહે. રફાળેશ્વર મચ્છોનગર તા.જી.મોરબી તથા ત્રણ અજાણ્યા ઈસમો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, ગત તા.૨૩/૦૧/૨૦૨૬ના રોજ સાંજના સાડા પાંચેક વાગ્યાની આસપાસ ફરિયાદી મયુરભાઈ પોતાની હોટલ ખાતે હાજર હતા ત્યારે આરોપી મહેશભાઈ ભરવાડ તથા તેની સાથે આવેલા ત્રણ અજાણ્યા ઈસમો હોટલ પર આવી સમાધાનની વાતચીત દરમ્યાન આરોપી મહેશભાઈ એકદમ ઉશ્કેરાઈ જઈ ગંદી ગાળો બોલવા લાગ્યા હતા. ફરિયાદીએ ગાળો બોલવાની ના પાડતા આરોપી તથા તેના સાથીદારોએ ફરિયાદીને ઢીકાપાટુનો માર માર્યો હતો. આ દરમિયાન ફરિયાદીને છોડાવવા વચ્ચે પડેલા સત્યમ પ્રજાપતિ પર પણ હુમલો કરવામાં આવ્યો હતો. આરોપીએ ત્યાં પડેલ લોખંડના પાઈપ વડે ફરિયાદીના માથા પર ઘા મારી ગંભીર ઈજા પહોંચાડતા ચાર જેટલા ટાંકા આવ્યા હતા, જ્યારે સત્યમ પ્રજાપતિને કપાળના ભાગે સામાન્ય ઈજા થઈ હતી. આરોપીઓએ ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપીને સ્થળ પરથી નાસી ગયા હતા. હાલ આ મામલે મોરબી તાલુકા પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ટંકારા તાલુકામાં સગીર પુત્રી પર દુષ્કર્મઃ આરોપી પિતાની ગણતરીના કલાકોમાં ધરપકડ



**મુખ્ય સમાચાર, મોરબી**

ટંકારા તાલુકામાં ૧૪ વર્ષની દીકરી પર તેના નરાધમ પિતાએ દુષ્કર્મ આચર્યાનો ગંભીર બનાવમાં સમગ્ર જીલ્લામાં ચકચાર મચાવ્યો છે, જ્યારે બીજીબાજુ ભોગ બનનારની માતા દ્વારા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા, ટંકારા પોલીસે તાત્કાલિક ગુનો નોંધી ગણતરીના કલાકોમાં આરોપી હેવાન પિતાની ધરપકડ કરી છે. બનાવની ગંભીરતા જોતા ડીવાયએસપી સહિતના ઉચ્ચ અધિકારીઓ ટંકારા પોલીસ મથકે પહોંચી તેઓના માર્ગદર્શન હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે.

ટંકારા તાલુકા વિસ્તારમાં એક ગંભીર અને ચોંકાવનારા બનાવમાં નરાધમ પિતાએ પોતાની જ ૧૪ વર્ષની સગીર દીકરી પર દુષ્કર્મ આચર્યું હોવાની ફરિયાદ નોંધાઈ છે. આ ઘટના ગત તા. ૨૩/૦૧/૨૦૨૬ના રોજ રાત્રીના સમયે આરોપીના પોતાના ઘરમાં બની હોવાનું બહાર આવ્યું છે. બનાવની જાણ થતાં ટંકારા પોલીસ સ્ટેશન ખાતે તાત્કાલિક ગુનો રજિસ્ટર કરવામાં આવ્યો હતો. ગુનાની ગંભીરતા ધ્યાને લઈ વાંકાનેર વિભાગના નાયબ પોલીસ અધિક્ષક સમીર સારડાએ આરોપીની સત્વરે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરવા સૂચના આપી હતી. તેના અનુસંધાને ટંકારા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર કે.એમ. છાસીયા દ્વારા ભોગ બનનાર દીકરી તથા તેની માતાની વિગતવાર પુછપરછ હાથ ધરવામાં આવી હતી. ફરિયાદ મુજબ, ભોગ બનનાર દીકરી પોતાની માતા સાથે ઓરડીમાં સૂઈ રહી હતી ત્યારે આરોપી પિતાએ દીકરી સાથે દુષ્કર્મ આચર્યું હતું. દીકરીની ચીસો સાંભળતાં માતા જાગી જતા આરોપી પિતા સ્થળ પરથી નાશી ગયો હતો. આ સમગ્ર હકીકતના આધારે પોલીસે ફરીયાદ નોંધી હતી. બનાવની ગંભીરતા ધ્યાનમાં રાખી અલગ-અલગ પોલીસ ટીમો રચી આરોપીની તાત્કાલિક શોધખોળ શરૂ કરવામાં આવી હતી. તપાસ દરમ્યાન આરોપી મળી આવતા તેની ગણતરીના કલાકોમાં અટકાયત કરી તાત્કાલિક ધરપકડ કરવામાં આવી છે અને તેની સામે પોકસો સહિતની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે.

# જામનગર મહાનગરપાલિકા સંચાલિત ઢોરના ડબ્બામાંથી ગાય ગુમ થતી હોવાનો કોંગ્રેસ કોર્પોરેટરનો આક્ષેપ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરમાં રખડતા પશુઓને પકડવામાં અને પકડાયા પછી પણ છોડી મુકવામાં આર્થિક વિહવટ ચાલતો હોવાનો આક્ષેપ કોંગી કોર્પોરેટર દ્વારા કરાયો છે. એક પશુપાલક પોતાની પકડાયેલી ૩ ગાયો છોડાવવા જતાં ડબ્બામાં તેની બે જ ગાયો જોવા મળી અને ત્રીજીની માહિતી ખુદ કર્મચારીઓ પાસે પણ ન હોવાનું સામે આવ્યું હતું, ઉપરાંત સી.સી.ટી.વી. કેમેરા પણ દસ દિવસથી બંધ હોવાનું ખૂલતાં પશુપાલક અને સાથે આવેલા મહિલા કોંગી કોર્પોરેટરએ વીડિયો બનાવીને વાયરલ કર્યો હતો. જેમાં મહાનગરપાલિકા સંચાલિત ઢોરના ડબ્બામાં ચાલતા રગડ-ધગડ વહિવટ અને પશુ પકડવામાં તેમજ અધવચ્ચે છોડી મુકવામાં ભ્રષ્ટાચાર ચાલતો હોવાનો આક્ષેપ કર્યો છે.

નવાગામ ઘેડમાં રહેતા નાવિક ચાવડા નામના યુવકની ત્રણ ગાયો કોર્પોરેશનની પશુ પકડવાની ટીમ પકડી ગઈ હતી. તેથી તેણે તંત્ર પાસેથી વિગતો મેળવીને ગાયને જ્યાં રાખી હતી. તે રણજીતસાગર ડેમ નજીકના કોર્પોરેશનના ડબ્બા ખાતે ગયો હતો. જ્યાં તે ગાય દીઠ દંડની રકમ આપવા માંગતો હતો. પરંતુ પકડાયેલી ૩ માંથી બે જ ગયો જોવા મળતાં તેણે પોતાના વિસ્તારના કોંગી કોર્પોરેટર રચનાબેન નંદાણીયાને જાણ કરી હતી. તેમજ તેઓને પણ વાસ્તવિક્તા દેખાડવા બોલાવ્યા હતા. જ્યાં માલધારી યુવક અને તેની સાથેના તમામે તપાસ કરતાં ત્રીજી ગાય મળી આવી ન હતી.તેથી તેઓએ સ્ટાફને સવાલ કર્યો હતો કે, ઉંચી વંડીવાળી જગ્યા છે અને બે દરવાજે તાળા છે. તો ગાય ગઈ ક્યાં, પરંતુ આ પશ્નનો જવાબ સ્ટાફ આપી શક્યો ન હતો. તેથી યુવકો અને મહીલા કોર્પોરેટરએ સીસીટીવી કેમેરાના ફૂટેજ માગ્યા હતા. પણ હાજર સ્ટાફે ૧૦ દિવસથી કેમેરા બંધ હોવાનું જણાવ્યું હતી. જે બાદ વીડિયો વાઈરલ કર્યો હતો.

જેમાં પશુપાલક યુવાનોએ આક્ષેપ કર્યો હતો કે, ઢોરના ડબ્બા સુધી પશુઓ પહોંચે ત્યાર પહેલા પશુ પકડ પાર્ટીવાળા વહીવટ કરીને ગાયોને અધવચ્ચે છોડી મુકે છે. ઉપરાંત ઢોરના ડબ્બે આવેલી ગાયોમાંથી અમુકને પાછલે બારણેથી જવા દેવામાં આવે છે. આ ગાય ક્યાં જાય છે ? કે કોણ લઈ જાય છે ? તે તપાસનો વિષય છે. કોર્પોરેટર રચનાબેન નંદાણીયાએ કહ્યું હતું કે આ મામલે આવેદન આપવામાં આવશે.

# રાજકોટમાં એસ્ટ્રોનના નાલા પાસે ૧૦ થડા આગમાં ખાખ

૨૬મી જાન્યુઆરીની વહેલી સવારે ઘટના: લાખોની નુકસાની: આગ તાપણાના તણખાથી લાગી કે શોર્ટ સરકિટથી તે અંગે તપાસ: અસામાજીક તત્વોએ આગ લગાડયાની વિગતો સામે આવી નથી





**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના એસ્ટ્રોન ચોકના નાલા પાસે સરાજા બેકરી નજીક ફ્રુટના થડા-લારીઓમાં ૨૬મી જાન્યુઆરીની વહેલી સવારે આગ ભભૂકી ઉઠતાં ૧૦ ફ્રુટના થડા-લારીઓ બળીને ખાખ થઇ ગયા હતાં અને સાથે ફ્રુટનો મોટો જથ્થો પણ બળી ગયો હતો. બે દાયકાથી અહિ ફ્રુટનો ધંધો કરતાં ગૌતમનગર, રૈયાધાર, છોટુનગર ઝૂપડપટ્ટીમાં રહેતાં દેવીપૂજક પરિવારના લોકો આ ઘટનાની જાણ થતાં ઘટના સ્થળે દોડી આવ્યા હતાં. આગથી પંદરેક લાખની નુકસાની થયાનું તેમણે કહ્યું હતું. આગ અસમાજીક તત્વોએ લગાડયાની વાતો વહેતી થઇ હતી. પરંતુ માલવીયાનગર પોલીસની પ્રાથમિક તપાસમાં હાલ આવુ કંઇ બન્યાનું સામે આવ્યું નથી. આગ તાપણાના તણખાથી લાગી કે વિજ શોર્ટ સરકીટથી લાગી? તેની તપાસ થઇ રહી છે. સીસીટીવી ફૂટેજમાં પણ કંઇ શંકાસ્પદ જોવા મળ્યું નથી.

જાણવા મળ્યા મુજબ એસ્ટ્રોનના નાલા સોમવારે છવ્વીસમીએ વહેલી સવારે ફ્રુટની લારીઓ-થડામાં આગ લાગતાં ફાયર બ્રિગેડના બંબા પહોંચ્યા હતાં અને આગને કાબુમાં લીધી હતી. આગથી લારીઓ, ફ્રુટનો જથ્થો બળી જતાં મોટી નુકસાની થઇ હતી. આગમાં જે ૧૦ ફ્રુટના ધંધાર્થીઓના થડા-લારીઓ અને સાથે ફ્રુટનો જથ્થો બળી ગયા છે તેમાં અક્ષર માર્ગ પાસે મોદી સ્કૂલ નજીક ગૌતમનગરમાં રહેતાં રાજેશભાઇ રમેશભાઇ વઢીયારા, શોભનાબેન રાજશેભાઇ વઢીયારા, અશોકભાઇ છગનભાઇ વઢીયારા, આશાબેન અશોકભાઇ વઢીયારા, છોટુનગર પાસે ઝૂપડપટ્ટીમાં રહેતાં ભરતભાઇ રાજુભાઇ કુંવરીયા, સોનાબેન ભરતભાઇ કુંવરીયા, રાજુભાઇ શંકરભાઇ વઢીયારા, અશોકભાઇ રાજુભાઇ કુંવરીયા, રૈયાધારના ભરતભાઇ ડાયાભાઇ ગુજરવાડીયા અને વિજયભાઇ તુલસીભાઇ વઢીયારાનો સમાવેશ થાય છે. આગ કઇ રીતે લાગી તેની અમને ખબર નથી. અમે આ મામલે માલવીયાનગર પોલીસમાં જાણ કરી અમારી અરજી આપી હતી. આગથી દસથી પંદર લાખની નુકસાની થઇ છે.

દરમિયાન માલવીયાનગર પીઆઇ જે. આર. દેસાઇની રાહબરીમાં પીએસઆઇ આર. આર. કોઠીયા સહિતે પણ ઘટના સ્થળે પહોંચી તપાસ શરૂ કરી હતી. એફએસએલની પણ મદદ લીધી હતી. પોલીસે આસપાસના સીસીટીવી ફૂટેજ ચેક કરતાં કંઇ શંકાસ્પદ સામે આવ્યું નથી. અહિ દરરોજ તાપણા કરવામાં આવતાં હોઇ બાદમાં તાપણા ઓલવીને જે તે લોકો જતાં રહે છે. કદાચ એકાદ તાપણુ ઓલવવાનું રહી ગયું હોઇ તેમાંથી તણખા ઉડીને નીકળ્યા બાદ આગ લાગી હોઇ શકે. જો કે આ મામલે તપાસ હજુ થઇ રહી છે. કોઇ અસામાજીક તત્વોએ આગ લગાડી હોવાની વિગતો હાલ સામે આવી નથી. ફાયર બ્રિગેડ સુત્રોના કહેવા મુજબ મલયભાઇ નામના નાગરિકે એસ્ટ્રોનના નાલા પાસે ફ્રુટના થડાઓમાં આગ લાગી હોવાની જાણ કરતાં બે ફાયર ફાઇટર તાકીદે પહોંચી ગયા હતાં અને લારીઓ, થડાઓમાં લાગેલી આગ બુઝાવી હતી. આગને ગણતરીના સમયમાં કાબુમાં લઇ લીધી હતી. આગમાં કોઇ જાનહાની થઇ નથી. સળગી ગયેલી ફ્રુટની લારી ઉપર ઇલેક્ટ્રીકનો થાંભલો પડયો હતો. આગ એકાદ કલાકે કાબુમાં આવી હતી.

# થોરાળા પોલીસ સ્ટેશન પાછળ ઝુંપડપટ્ટીમાં આગ લાગી: ૨૦ ઝુંપડા બળીને ખાખ

લોકોમાં અફરાતફરી : ફાયર બ્રિગેડ દોડી ગયું : આગ પર કાબુ મેળવ્યો




**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના ભાવનગર રોડ પર ચુનરવાડ ચોક નજીક થોરાળા પોલીસ સ્ટેશન પાછળ ઝુપડટ્ટીમાં આજે વહેલી સવારે આગ ભભૂકી ઊઠી હતી. જેમાં ૨૦ જેટલાં ઝુંપડા બળીને ખાખ થઈ ગયા હતા. જોકે સદનશીબે કોઈ જાનહાની થઈ નથી.

બનાવના પગલે લોકોમાં અફરાતફરી મચી ગઈ હતી. લોકોએ હોબાળો મચાવ્યો હતો. જોકે ફાયર બ્રિગેડ દોડી ગયું હતું અને આગ પર કાબુ મેળવ્યો હતો. મળતી માહિતી મુજબ, ઝુંપડા એક બીજાને અડીને એકદમ ગીચ વિસ્તાર હોવાને કારણે આગ ઝડપથી પ્રસરી ગઈ હતી. દૂર સુધી ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. સવારે ૮૧૧ વાગ્યે જાણ થતા ૫ ફાયર ફાઈટર સહિતનો કાફલો તાત્કાલિક દોડી ગયો હતો. કામગીરી દરમ્યાન ફાયર વિભાગ સામે સ્થાનિકોએ હોબાળો કર્યો હતો.

હોબાળાની સ્થિતિમાં આગ બુઝવવાની કામગીરી મુશ્કેલ બની હતી પણ ઉશ્કેરાયેલા ટોળા વચ્ચે કર્મચારીઓએ પોતાની ફરજ બજાવી આગ પર કાબુ મેળવી લીધો હતો. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. શોર્ટ સર્કિટ અથવા અન્ય કોઈ કારણસર આગ લાગી હોવાની આશંકા છે. બનાવ બાદ પોલીસ પણ દોડી ગઈ હતી.

# રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે ૭૭માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરાઈ





**મુખ્ય સમાચાર, રાજકોટ**

૭૭માં પ્રજાસત્તાક દિન નિમિતે રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે જેલ અધિક્ષક વાગીશા જોશી દ્વારા જેલ કેમ્પસમાં સ્ટાફના પરિવારજનોની ઉપસ્થિતિમાં તેમજ જેલની અંદર બંદીવાનોની ઉપસ્થિતિમાં ધ્વજારોહણ કરવામાં આવેલ હતું. આ પ્રસંગે જેલના તમામ અધિકારી/કર્મચારીઓ ઉપસ્થિત રહેલ હતા. જેલ અધિક્ષક દ્વારા જેલમાં તમામ બંદીવાનોને સ્વતંત્ર પર્વની શુભેચ્છાઓ પાઠવવવામાં આવેલ. પ્રજાસત્તાક દિનના આ પાવન પર્વ દિન નિમિતે બંદીવાન ભાઈઓ તથા બહેનોમાં સ્વાસ્થ્ય જળવાઈ રહે તથાં તેઓમાં ખેલ ભાવના ઉજાગર થાય તે માટે અત્રેની જેલ ખાતે વિવિધ રમતો જેવી કે, વોલીબોલ, ખો-ખો, રસ્સાં ખેંચ, સંગીત ખુરશી, કોથળા દોડ, લીંબુ સમચી, ચાંડલા ચોડવા જેવી રમતોનું આયોજન કરવામાં આવેલ હતું. આ રમતોની સ્પર્ધામાં સબંધિત બંદીવાન



ભાઈઓ-બહેનો દ્વારા ઉત્સાહ ભેર ભાગ લેવામાં આવેલ હતો.

જેમાં વિજેતા સ્પર્ધકો તેમજ ટીમેને શિલ્ડ તથા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવેલ હતા. તેમજ જેલની અંદર સાફ-સફાઈ, કુંડા કામ, વીશી વિભાગ ભાઈઓ બહેનોને તેઓની સારી કામગીરી માટે પ્રોત્સાહિત કરવા માટે પ્રશંસાપત્ર એનાયત કરવામાં આવેલ હતા. આ ઉપરાંત જેલનાં અધિકારી/કર્મચારીઓમાં પણ ખેલ ભાવના ઉજાગર થાય તે માટે ઈન્ટર ક્રિકેટ મેચનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં વિજેતા ટીમને શિલ્ડ એનાયત કરવામાં આવેલ તેમજ જનરલ ફરજો બજાવતા કર્મચારીઓની સારી કામગીરીનું અવલોકન કરી પ્રશંસાપત્ર એનાયત કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ દરમ્યાન નાયબ અધિક્ષક ડી.પી. રબારી, સિનિયર જેલર એમ.આર.ઝાલા, સિનિયર જેલર પી.કે. ચુડાસમા તથા અન્ય જેલર તેમજ ક્લેરીકલ સ્ટાફ હાજર રહેલ હતાં. કાર્યક્રમના અંતમાં જેલના અધિકારીઓ/કર્મચારીઓ તથા બંદીવાનો વચ્ચે ફ્રેન્ડલી વોલીબોલ મેચનું આયોજન કરવામાં આવેલ હતું. જેલ અધિક્ષક વાગીશા જોશીના માર્ગદર્શન તેમજ સુચના મુજબ ઉક્ત કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવેલ હતું.

# રાજકોટના નિવૃત શિક્ષક દંપતીને ડિજિટલ અરેસ્ટ કરી રૂ.૧ કરોડ પડાવનાર મુખ્ય સૂત્રધાર ઝડપાયા

સાયબર ક્રાઈમ પોલીસે હરિયાણાથી યશ બેંકના સેલ્સ ઓફિસર સહિત બે શખ્સોને દબોચ્યા: કુલ ૧૬ આરોપીની ધરપકડ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના નિવૃત શિક્ષક દંપતીને ડિજિટલ અરેસ્ટ કરી રૂ.૧ કરોડ પડાવનાર મુખ્ય સૂત્રધાર સુધી પહોંચવામાં સાયબર ક્રાઇમ પોલીસને સફળતા મળી છે. હરિયાણાથી યશ બેંકના સેલ્સ ઓફીસર સહિત બે શખ્સોને દબોચ્યા હતાં. બેંક કર્મીએ શંકર રાજપુતના નામે બેન્ક એકાઉન્ટ ખોલી ફ્રોડના ૧ કરોડ મેળવ્યાંનું ખુલ્યું છે.

બનાવ અંગે રાજકોટના નિવૃત વ્હોરા શિક્ષક દંપતીને ડિજિટલ અરેસ્ટ કરી સાયબર માફિયાઓએ રૂા.૧.૧૪ કરોડ પડાવી લેતાં ચકચાર મચી ગઇ હતી. બનાવ અંગે સાયબર ક્રાઇમ પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો. એરપોર્ટ રોડ પર એકજા નગરમાં રહેતાં ૭૬ વર્ષીય કુરબાનભાઈ બદામીને તમારો ફોનનો ઉપયોગ ચાઈલ્ડ પોર્નોગ્રાફી, ઓનલાઇન ગેંમીંગ, સાયબર આંતકવાદમાં થયેલ છે કહીં ફસાવી લઈ રૂપીયા પડાવ્યાં હતાં.

જે ગુન્હાની ગંભીરતાને ધ્યાને લઇ રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી.સીપી મહેન્દ્ર બગરીયા, ડિસીપી (ક્રાઇમ) જગદીશ બાંગરવા અને એસીપી ક્રાઇમ ભરત બસીયા દ્વારા આરોપીઓને પકડી પાડવાની આપેલ સુચનાથી સાયબર ક્રાઇમ પીઆઈ જે.એમ કૈલા અને પીઆઈ એમ.એ.ઝણકાતની રાહબરીમાં આ ગુન્હાના કુલ-૧૪ આરોપીઓની અગાઉ ધરપકડ કરવામાં આવેલ હતી. જે બાદ વધું બે આરોપી જેમાં શંકર સોહનલાલ રાજપુત (ઉં.વ.૨૭, રહે. ચારુ બજાર, રાજીવ હોસ્પીટલ પાસે, સાની મહોલ્લા, કર્નાલ હરીયાણા) અને શુભમ રઘુવીરસિંઘ (ઉં.વ.૩૦, ધંધો યશ બેંક સેલ્સ ઓફીસર કર્નાલ સેક્ટર ૧૨, રહે. ગામ-સીરસી, મધુબન કોમ્પ્લેક્ષ, કર્નાલ, હરીયાણા) ને હરીયાણા ખાતેથી પકડી પાડી ધોરણસરની કાર્યવાહી કરવા તજવીજ હાથ ધરેલ છે.

વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, આરોપી શુભમ યસ બેંકમા સેલ્સ ઓફીસર તરીકે ફરજ બજાવતા હોય જેણે સહ આરોપી શંકર રાજપુતના નામે બેન્ક એકાઉન્ટ ખોલાવેલ, જે બેંક એકાઉન્ટમા ફરીયાદી સાથે થયેલ સાયબર ફ્રોડના ફૂલ રૂ.૧ કરોડ ટ્રાન્સફર કરાવી સાયબર ફ્રોડ આચરેલ હતું.

ઉલ્લેખનીય છે કે, આ ગુનામાં અગાઉ ફ્રોડના રૂ.૪.૫૦ લાખ જે એકાઉન્ટમાં જમાં થયાં તે એકાઉન્ટ ધારક સુજલ વિઠ્ઠલ લાખાણી (રહે. ડોબરિયા વાડી, જેતપુર) ની ધરપકડ કરી પૂછતાછ હાથ ધરી હતી. વધુમાં પોલીસે જણાવ્યું હતું કે, પકડાયેલ આરોપીએ પોતાના એકાઉન્ટમાંથી રકમ વિડ્રો કરી હતી. તેમજ ભાવનગરના બે અને બોટાદનો એક શખ્સ પણ આ ગેંગમાં સામેલ હોવાની શંકાએ તે ત્રણેય આરોપી પણ સાયબર ક્રાઇમની ટીમના સકંજામાં આવ્યા હોવાનો પોલીસ સુત્રો જણાવી રહ્યા છે. તેમજ સાયબર ક્રાઇમની ટીમે ગુનો દાખલ કર્યા ત્વરિત જ દસ લાખ રૂપિયા જેવી રકમ ફ્રીજ પણ કરાવી નાખી છે.

# ભગવતીપરાના શખ્સને ચોરીની રીક્ષા તથા મોબાઈલ સાથે ક્રાઈમ બ્રાંચે પકડ્યો



કાના રાવલની ૮૭ હજારના મુદ્દામાલ સાથે ધરપકડ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં ચોરી, ચિલઝડપ, ઘરફોડચોરી, વાહનચોરીના અનડિટેક્ટ ગુનાઓનું ડિટેક્શન કરી આરોપીઓને ઝડપી લેવા પોલીસ કમિશનરે કરેલા આદેશના પગલે ડીસીપી ક્રાઈમની સુચનાથી ક્રાઈમ બ્રાંચની ટીમ વિસ્તાર પેટ્રોલીંગમાં નિકળી હતી. તે દરમિયાન ટેકિન્કલ સોર્સ અને ઈ-ગુજકોપ પોકેટ કોપની મદદથી ભગવતીપરા ગુલાબના ઢાળિયા નજીક રહેતા રિક્ષાચાલકને ચોરાઉ મોબાઈલ અને રિક્ષા સહિત ૮૭ હજારના મુદ્દામાલ સાથે ઝડપી લીધો હતો. આ અંગેની પોલીસ સુત્રોમાંતી મળતી વિગતો મુજબ રાજકોટ શહેરના ક્રાઈમ બ્રાંચના ડીસીપી જગદીશ બાંગરવાની સુચના અને એસીપી બીબી બસિયાના માર્ગદર્શન હેઠળ ક્રાઈમ બ્રાંચના પીઆઈ એમ.આર. ગોંડલિયા, પી.આઈ. એમ.એલ. ડામોર, પીઆઈ સી.એચ. જાદવના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ આર.કે. ગોહિલ અને ટીમ વિસ્તાર પેટ્રોલીંગમાં નિકળી હતી. તે વેળાએ એએસઆઈ વિજયસિંહ જાડેજા, જયદેવસિંહ પરમાર, મોહિલરાજસિંહ ગોહિલ, તુલશીભાઈ ચુડાસમાને મળેલ બાતમીના આધારે શંકાસ્પદ હિલચાલ કરતા રિક્ષાચાલક કાના રાજુભાઈ રાવલ ઉ.વ.૩૦ રહે ભગવતીપરા મેઈન રોડ ગુલાબનો ઢાળિયો નદીના કાંઠે અટકાવી પોકેટકોપ ઈ-ગુજકોપ એપ્લિકેશનની મદદથી ચકાસણી કરતા મોબાઈલ અને રિક્ષા ચોરીના હોવાનું ધ્યાને આવતા મોબાઈલ રિક્ષા સહિતના ૮૭ હજારના મુદ્દામાલ સાથે આરોપીની ધરપકડ કરી હતી.

# કણસાગરા કોલેજના કંપાઉન્ડમાં હાર્ટએટેકથી વિદ્યાર્થિનીનું મોત

BCAના પ્રથમ વર્ષની છાત્રા પરીક્ષા આપવા ગઈ હતી બનાવને પગલે યુવતીના પરિવારમાં કલ્પાંત સર્જાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં કાલાવડ રોડ કણસાગરા કોલેજમાં બીસીએમાં અભ્યાસ કરતી ૧૯ વર્ગીય યુવતી પરીક્ષા વેળાએ જ કોલેજની લોબીમાં બેભાન થઈ ઢળી પડી હતી. જોકે તેને કોલેજ સ્ટાફે તુરંત જ નજીકમાં આવેલી વોકહાર્ટ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડી હતી પરંતુ તબીબે યુવતીને મૃત જાહેર કરી હતી.

આ અંગેની માહિતી મુજબ ભીલવાસમાં ઠક્કરબાપા કુમાર છાત્રાલય નજીક રહેતી હિમાંશુ મુકેશભાઈ મારૂ (ઉં. વ.૧૯) શનિવારે કાલાવડ રોડ ઉપર આવેલી કણસાગરા કોલેજમાં પરીક્ષા આપવા માટે આવી હતી. બપોરે ત્રણ વાગ્યા આસપાસ હિમાંશી પેપર પૂરું કરીને ક્લાસરૂમમાંથી જેવી બહાર નીકળી કે આચાનક જ તે લોબીમાં ભેબાન થઈ ગઈ હતી. બનાવની જાણ થતા કોલેજમાં હાજર સ્ટાફ અને વિદ્યાર્થીઓ દોડી આવી ૧૦૮ દ્વારા વોકહાર્ટ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં ઈમરજન્સી રૂમના તબીબે હિમાંશીને બચાવવાના અથાગ પ્રયત્નો કર્યા પણ આખરે તેણે દમ તોડી દીધો હતો. બનાવની જાણ થતાં મૃતકના પરિવારજનો અને ગાંધીગ્રામ પોલીસ મથકના પીએસઆઈ એ.બી. ચાવડાએ હોસ્પિટલ પહોંચી જરૂરી કાર્યવાહી બાદ મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડયો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે, મૃતક હિમાંશી બીસીએ સેમેસ્ટર-૧માં અભ્યાસ કરી હતી. તે ૨ બહેન અને ૧ ભાઈમાં વચેટ હતી. યુવાન પરિવારમાં દીકરીના મોતથી ઘેરો શોક છ્વાઈ ગયો હતો

# થાઈલેન્ડથી લાવેલ રૂા.૧.૧૦ કરોડના હાઈબ્રીડ ગાંજાના કેસમાં આરોપીના જામીન મંજુર કરતી જુનાગઢ સેસન્સ કોર્ટ

આરોપી પક્ષે રાજકોટના યુવા એડવોકેટ પુજા એમ. ગરાછ રોકાયેલા છે



**મુખ્ય સમાચાર, રાજકોટ**

જુનાગઢ સી-ડીવીઝન પોલીસ ધ્વારા થાઈલેન્ડથી લાવેલ રૂા.૧,૧૦,૬૦,૦૦૦/- ગેર કાયદેસર હાઈબ્રીડ ગાજાના ત્રણ પેકેટ વેચાણ કરવા અંગેની નોંધાયેલ ફરીયાદમાં પકડાયેલ આરોપીની જામીન અરજીને જુનાગઢના એડીશ્નલ સેશન્સ કોર્ટે મંજુર કરેલ છે.

જુનાગઢ સી-ડીવીઝન પોલીસ દ્વારા ધવલ કાળુભાઈ ભરાડ તેમજ અન્ય ત્રણ આરોપીઓ પાસેથી થાઈલેન્ડથી લાવેલ હાઈબ્રીડ ગાજાના પેકેટ નં.૩ જેની કિંમત રૂા. ૧,૧૦,૬૦,૦૦૦/- વાળો કબજે કરી આરોપીઓની પુછ્તાજ કરતા અન્ય ચાર આરોપીઓના નામ ખુલતા કુલ ૭ આરોપીઓની સામે ફરીયાદ દાખલ કરવામાં આવેલ. સદરહું ફરીયાદની તપાસ દરમ્યાન અન્ય આરોપી થાઈલેન્ડથી લાવેલ હાઈબ્રડ ગાજાના પેકટ માંથી એક પેકેટ આરોપી નિલોફર ઐયુબ પટેલ અન્ય આરોપીઓને ગાજાનું એક પેકેટ આપેલ હોય તેવું તપાસમાં ખુલતા નિલોફર ઐયુબ પટેલની જુનાગઢ સી-ડીઝન પોલીસ ધ્વારા અટક નામદાર કોર્ટમાં રીમાન્ડ માંગવામાં આવેલ અને રીમાન્ડ પુરા થતા જેલ હવાલે કરવાનો હુકમ ફરમાવેલ.

ત્યાર બાદ આ કામના આરોપી નિલોફર ઐયુબ પટેલે જુનાગઢની સેશન્સ કોર્ટમાં જામીન ઉપર મુક્ત થવા રેગ્યુલર જામીન અરજી કરતા આરોપી/અરજદારના વકીલ પુજા એમ. ગરાછની ધારદાર દલીલો તથા સુપ્રીમ કોર્ટ તથા નામદાર હાઈકોર્ટ ના અલગ-અલગ ચુકાદાઓ રજુ કરેલ જે ચુકાદાઓ અને દલીલોને ધ્યાને લઈને જુનાગઢના એડીશ્નલ સેશન્સ જજ એ આરોપી/અરજદાર નિલોફર ઐયુબ પટેલને જામીન ઉપર છોડવાનો હુકમ ફરમાવેલ છે.

આ કામમાં આરોપી/અરજદાર તરફે રાજકોટના યુવા એડવોકેટ પુજા એમ. ગરાછ રોકાયેલા છે.

# કુંભારવાડામાં ૧ લાખના ગાંજાના જથ્થા સાથે બંગાળી શખ્સ રંગે હાથ ઝડપાયો

શહેર એસઓજીની ટીમે ૧.૧૪ લાખના મુદ્દામાલ સાથે કરી ધરપકડ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં ડ્રગ્સના દુષણને ડામી દેવા તેમજ યુવાધનને બરબાદીના ખપ્પરમાં હોમત હોમતા નશીલા દ્રવ્યોની હેરાફેરી અટકાવવા પોલીસ કમિશનર દ્વારા કરાયેલા આદેશના પગલે શહેર એસઓજી બ્રાંચની ટીમે પેટ્રોલીંગ દરમિયાન મળેલ ચોક્કસ બાતમીના આધારે કેનાલ રોડ નવા કુંભારવાડા નજીક એક પશ્ચિમ બંગાળના વતની અને હાલ કુંભારવાડામાં રહેતા શખ્સને ૧.૦૩ લાખના ૨.૦૭૭ કિ.ગ્રા. ગાંજાના જથ્થા સાથે ઝડપી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસ સુત્રોમાંથી પ્રાપ્ત થતી વિગત મુજબ રાજકોટ શહેરના ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવાની સૂચનાથી એસઓજી બ્રાંચના પી.આઈ. એસએમ જાડેજાના માર્ગદર્શન હેઠળ

સાયબરક્રાઈમના ઈન્ચાર્જ પોલીસ ઈન્સપેક્ટર આર.જી. પઢિયારના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. વી.વી. ધ્રાંગુ અને ટીમ વિસ્તાર પેટ્રોલીંગમાં નિકળી હતી



તે દરમિયાન ફિરોઝ રાઠોડ અને દિગ્વિજયસિંહ ગોહિલને મળેલી બાતમીના આધારે

કુંભારવાડા શેરી નં. ૧૨/૯ના ખુણે આરોપી સુરજ રાજુભાઈ રાય ઉ.વ.૨૬ રહે. કુંભારવાડા શેરી નં. ૧૨ મુરલીધર એપાર્ટમેન્ટ ૩ જો માળ મુળ તૈલીપરા તા. પાંડવા હુગલી પશ્ચિમ બંગાળ વાળાને ઝડપી તલાશી લેતા તેના કબ્જામાંથી ૨.૦૭૭ કિ.ગ્રા. ગાંજાનો જથ્થો કિંમત રૂા. ૧,૦૩,૮૫૦ના મુદ્દામાલ મળી આવતા મોબાઈલ-રોકડ સહિત ૧,૧૪, ૧૫૦ના મુદ્દામાલ સાથે આરોપીની ધરપકડ કરી ગાંજાનો જથ્થો પરિક્ષણ અર્થે ઓફએસએલમાં મોકલી આપવામાં આવ્યો હતો.

# લોધિકામાં ખેતરની જમીનની માપણી કરાવતા પ્રૌઢ પર દંપતીનો પાઈપ વડે જીવલેણ હુમલો

તુ મારી જમીન પરથી કેમ ચાલ્યો કહી તુટી પડયા પોલીસમાં હત્યાની કોશીષ સહીતનો ગુનો નોધાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોધીકાની સીમમાં ખેતરમાં જમીન માપણી કરાવવા જતા પ્રૌઢ પર પાડોશી દંપતિએ મારી જમીન ઉપરથી કેમ ચાલ્યો કહી લોંખડના પાઈપ વડે જીવલેણ હુમલો કર્યાની ફરીયાદ કરતા લોધીકા પોલીસે દંપતિ સામે હત્યાની કોશીષ સહીતનો ગુનો નોધી આરોપીઓને પકડી લેવા કાર્યવાહી કરી છે. આ અંગેની માહિતી મુજબ લોધીકામાં રહેતા અને ખેતીકામ કરતા હર્ષદસિંહ દિલુભા જાડેજા (ઉ.૪૯)એ અઢી માસ પુર્વે તેના ગામની સીમમાં રવજીભાઈ સોલંકી પાસેથી તેની જમીન ખરીદી હતી. તેની બાજુભા રમેશ ભીમજી સોલંકીનુ ખેતર આવેલ હોય જેથી હર્ષદસિંહ તેમજ તેના નાના ભાઈ મયુરસિંહ તેમજ રવજીભાઈ સહીતના જમીનની માપણી માટે ખેતરે ગયા હતા જેથી સાઈડ માં બેઠા હતા તે દરમ્યાન રમેશ ભીમજી સોલંકી અને તેની પત્ની સોનલ મોટર સાઈકલ ઉપશ લોખંડનો પાઈપ સાથે ઘસી આવ્યા હતા અને તુ મારી જમીનમાં કેમ ચાલ્યો કહી તુટી પડયા હતા. અને આજે તો તારૂ પુરૂ જ કરી નાખવુ છે. કહી હુમલો કરતા દેકારો થતા મયુરસિંહ સહીતનાઓ દોડી આવતા રમેશ અને તેની પત્ની નાસી છુટયા હતા. બનાવને પગલે ગંભીર રીતે ધાયલ હર્ષદસિંહ જાડેજાને સારવાર માટે હોસ્પીટલમાં ખસેડાયા હતા. જાણ થતા લોધીકા પોલીસે હત્યાની કોશીષ સહીતનો ગુનો નોધી આરોપી દંપતિની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે.

# થોરાળા પોલીસમાં ફરિયાદ કર્યાનો ખાર રાખી મહિલા પર જમાઈનો હુમલો: મારી નાખવાની ધમકી

હત્યાની કોશીષના કેસમાં સજા પડતા જામીન મેળવી લખણ ઝળકાવ્યા, નામચીન શખ્સ સામે ગુનો નોધાયો: શોધખોળ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

નવા થોરાળામાં રહેતી મહિલાને જમાઈએ મારકુટ કરી પરીવારને મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ કરી હતી. અગાઉ માલવીયા નગર પોલીસ મથક વિસ્તારમાં રહેતા મહિલાના પિતરાઈ ભાઈ ઉપર હત્યાની કોશીષના ગુનામાં જમાઈને સજા થતા જામીન ઉપર બહાર આવી સમાધાન કરવા દબાણ કર્યાનુ જણાવતા થોરાળા પોલીસે ગુનો નોધી આરોપીને પકડી લેવા કાર્યવાહી કરી છે.

આ અંગેની માહિતી મુજબ નવા થોરાળા પાસેના ન્યુ સર્વોદય સોસાયટીમાં રહેતા નયનાબેન પ્રવિણભાઈ પરમાર એ તેના ઘર નજીક રહેતો જમાઈ વિશાલ જયેશભાઈ વાઘેલા સામે ફરીયાદ કરી હતી. ફરીયાદમાં જણાવ્યુ હતુ કે તા.૧૦-૧ના રોજ તેના ઘેર એકલા હતા તે દરમ્યાન વિશાલ વાઘેલા તેના ઘેર આવ્યો હતો અને અગાઉના ડખ્ખામાં સજા થતા તે કેસમાં સમાધાન કરાવી દેવા માટે દબાણ કરી મારકુટ કરી પરીવારને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી જેથી મહિલાએ ઘરમાં ધુસી દરવાજા બંધ કરી દેતા બહારથી દરવાજાને પાટા મારી હું પાછો આવુ છુ તમને

અને તારા પરીવારને જાનથી મારી નાખીશ તેમ કહી નાસી ગયો હતો. બનાવને પગલે ફરીયાદ કરતા જમાદાર નિલેશ ભાઈ સહીતે પુછતાછ કરી હતી પોલીસની પુછતાછમાં નયનાબેનએ જણાવ્યુ હતુ કે તેની પુત્રીને અગાઉ વિશાલ ભગાડી જઈને લગ્ન કરી લીધા હતા જેથી તેની સાથેના વ્યવહાર ન હોય તેમજ અગાઉ મહિલાના માસીના પુત્ર ઉપર જીવલેણ હુમલો કર્યો હતો જેમાં હત્યાની કોશીષના ગુનામાં સજા થતા જામીન ઉપર જેલ બહાર આવી ફરી મારામારી કરી હોવાનુ જણાવતા પોલીસે ગુનો નોધી કાર્યવાહી કરી છે.